dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 116 | AD - 2025, Maha Sud - 01 | Thursday, Dt.30-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### છ કરોડથી વધુ લોકોના સ્નાને અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા

# મહાકુંભમાં મૌની અમાસના બીજા અમૃત સ્નાનમાં નાસભાગ, ૩૦ના મોત

પ્રયાગરાજ,તા.૨૯

મહાકુંભમાં મૌની અમાવસ્યા એટલે કે બુધવારે બીજું અમૃત સ્નાન હતું. અમૃત સ્નાનને લઈને મોટી સંખ્યામાં લોકો મહાકુંભમાં પહોંચ્યા હતા. કોઈ કારણોસર મોડી રાત્રે ત્રણ વાગ્યે મહાકુંભમાં સંગમ પર ભાગદોડ મચી ગઈ હતી. આ ઘટનામાં ૩૦ લોકોના મોત થયાની જાણકારી સામે આવી છે જ્યારે ૬૦ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી અનુસાર મહાકુંભમાં રાત્રે ૩:૦૦ વાગ્યે નાસભાગ મચી ગઈ હતી. જેમાં અનેક શ્રદ્ધાળુ ઘાયલ થયા હતા. લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં ૩૦ લોકોના મોતની ખબર છે. કરોડોની સંખ્યામાં લોકો મહાકુંભ પહોંચ્યા હતા. મહાકુંભમાં અચાનક જ ભાગદોડ મચી જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. મહત્વનું છે કે બેકાબૂ થયેલી ભીડે મંગળવારે બપોરે પણ ઘણી બધી જગ્યાએ બેરીકેડ તોડી નાખ્યા હતા. રાત્રે સ્નાન શરૂ થયા પછી સંગમ પર ભીડ વધી ગઈ હતી. ત્યાર પછી અચાનક જ લોકો ભાગવા લાગ્યા. જેના કારણે કેટલાક લોકો નીચે પડી ગયા અને નાસભાગમાં દબાઈ ગયા. નાસભાગની ઘટના પછી અખાડા પરિષદ તરફથી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું કે અમૃત સ્નાન રદ કરવામાં આવે છે. હવે વસંત પંચમીનું સ્નાન ધામધૂમથી કરવામાં આવશે. તંત્ર તરફથી ભીડને હેન્ડલ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી પરંતુ અમૃત સ્નાન પહેલા બધી જ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ.



સંગમ પર ક્ષમતા કરતાં વધારે ભીડ ઉમટી પડતા નાસભાગની સ્થિતિ સર્જાઇ હતી. આ ઘટના બનતા જ સુરક્ષાકર્મીઓએ રાહત કાર્ય શરૂ કરી દીધું હતું અને ઘાયલ લોકોને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યા હતા. મહાકુંભમાં વહેલી સવારે બનેલી ઘટનાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સીએમ યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી અને ઘટના પર અપડેટ મેળવી હતી. આ ઘટના પર પીએમ મોદી નજર રાખી રહ્યા છે. તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરીને રાહત કાર્ય અંગે વિગતો પણ મેળવી હતી. સાથે જ લોકોને તાત્કાલિક અસરથી મદદ કરવા સૂચન પણ કર્યા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ સીએમ યોગી સાથે વાત કરી છે અને કહ્યું છે કે તેઓ કેન્દ્ર તરફથી સંપૂર્ણ સહયોગ આપશે. મહાકુંભમાં મૌની અમાવસ્યા નિમિત્તે, સાંજે ૪ વાગ્યા સુધીમાં, કુલ સ્નાનનો આંકડો ૬ કરોડ સુધી પહોંચી ગયો છે. જો છેલ્લા ૧૬ દિવસના ૨૦ કરોડનો આંકડો આમાં ઉમેરવામાં આવે તો આ ડેટા ૨૬ કરોડ સુધી પહોંચી ગયો છે. કુંભમેળામાં ભાગદોડ છતાં, મૌની અમાવાસ્યાના દિવસે સાંજે ૪ વાગ્યા સુધી છ કરોડ લોકોના સ્નાને અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. કુંભમેળાના ઈતિહાસમાં કોઈ એક દિવસે સ્નાન કરનારા ભક્તોની આ સૌથી મોટી સંખ્યા છે. અગાઉ, મકરસંક્રાંતિ પર ૩.૫ કરોડ લોકોએ સંગમમાં સ્નાન કર્યું હતું અને મૌની અમાવસ્યાના એક દિવસ પહેલા ૨૮ જાન્યુઆરીએ ૫ કરોડ લોકોએ સ્નાન કર્યું હતું. મૌની અમાવસ્યા પર મહાકુંભમાં સંગમમાં સ્નાન કરવાનો રેકોર્ડ પણ તૂટી ગયો છે. મંગળવારે રાત્રે મૌની અમાવસ્યાના સ્નાન પહેલા મહાકુંભમાં થયેલી ભાગદોડની ઘટના બાદ, પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને વહીવટીતંત્રે પહેલા કરતા વધુ કડકાઈ વધારી દીધી છે.

### ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા બદલ ઈસરોને દેશભરમાંથી અભિનંદન

# ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોન્ચ કર્યો

(એચ.એસ.એલ),ચેન્નાઈ,તા.૨૯

આજે ભારત ગ્રહોના અભ્યાસની દોડમાં આગળ નીકળી ગયું છે. થોડા સમય પહેલા ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ તેનો ૧૦૦મો ઉપગ્રહ લોન્ચ કર્યો છે. ઈસરોના ઈતિહાસમાં આ સિદ્ધિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. હા, ઈસરોએ સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટાથી રોકેટ લોન્ચિંગની સદી પૂરી કરી છે. ઈસરોએ જીએસએલવી-એફ ૧૫ રોકેટનો ઉપયોગ કરીને નેવિગેશન સેટેલાઇટ લોન્ચ કર્યો હતો. તેમાં એનએવીઆઈસી હેઠળ પાંચ બીજી પેઢીના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. અગાઉ ૨૯ મે ૨૦૨૩ ના રોજ, એનવીએસ-૦૧ ને જીએસએલવી એફ૧૨ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. ચેન્નાઈથી લગભગ ૧૧૦ કિમી દૂર સ્થિત શ્રીહરિકોટા સ્પેસ સેન્ટરથી જીએસએલવી રોકેટ દ્વારા નેવિગેશન સેટેલાઇટ સાથે આ ૧૦૦મો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે. સ્વદેશી ક્રાયોજેનિક સ્ટેજ સાથે જીઓસિંક્રોનસ સેટેલાઇટ લોંચ વ્હીકલને અહીં બીજા લોન્ચ પેડથી એટલે કે ૨૯ જાન્યુઆરીએ સવારે ૬.૨૩ કલાક પહેલા નેવિગેશન સેટેલાઇટ એનવીએસ-૦૨ વહન કરતી ૧૭મી ફ્લાઇટમાં



લોન્ચ કરવામાં આવ્યું હતું. આ સંબંધમાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ‘એકસ’ પર લખ્યું, “૧૦૦મું પ્રક્ષેપણઃ શ્રીહરિકોટાથી ૧૦૦મી પ્રક્ષેપણની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા બદલ ઈસરોને અભિનંદન. રેકોર્ડ સિદ્ધિની આ ઐતિહાસિક ક્ષણે અવકાશ વિભાગમાં જોડાવું એ એક લહાવો છે. ટીમ ઈસરો, તમે જીએસએલવી-એફ૧૫-એનવીએસ-૦૨ મિશનના સફળ પ્રક્ષેપણ સાથે ફરી એકવાર ભારતને ગૌરવ અપાવ્યું છે. વિક્રમ સારાભાઈ, સતીશ ધવન અને અન્ય કેટલાક લોકો દ્વારા નાનકડી શરૂઆતથી જ, તે એક અદ્દ્ભુત સફર રહી છે અને પીએમ મોદીએ અવકાશ ક્ષેત્રને “અનલોક” કર્યા પછી અને “આકાશની કોઈ મર્યાદા નથી” એવી માન્યતા પ્રસ્થાપિત કર્યા પછી, તે “આકાશની કોઈ મર્યાદા નથી” છે. એક મોટી છલાંગ.” જણાવી દઈએ કે, આ નેવિગેશન સેટેલાઈટ ‘નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન’ (નાવિકા) સીરિઝનો બીજો ઉપગ્રહ છે, જેનો ઉદ્દેશ્ય ભારતીય ઉપખંડમાં તેમજ લગભગ ૧,૫૦૦ વિસ્તારોમાં વપરાશકર્તાઓને ચોક્કસ સ્થિતિ, ઝડપ અને સમયની માહિતી આપવાનો છે. કિલોમીટરથી આગળ ભારતીય લેન્ડમાસ પ્રદાન કરવું પડશે.












# જો સત્તા મળશે તો કેનેડામાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવામાં આવશે : કાર્યકારી પીએમ રૂબી ધલ્લા

(એચ.એસ.એલ),જલંધર,તા.૨૯



પંજાબી મૂળના કેનેડિયન સાંસદ રૂબી ધલ્લાએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર મોટું નિવેદન આપ્યું છે. એક વીડિયોમાં ધલ્લાએ કહ્યું કે જો તે જસ્ટિન ટ્રૂડોની જગ્યાએ વડાપ્રધાન બનશે તો કેનેડામાંથી પાંચ લાખ ગેરકાયદેસર લોકોને હાંકી કાઢવામાં આવશે. ધલ્લાએ કહ્યું કે કેનેડામાં પાંચ લાખ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ છે, જે અસ્વીકાર્ય છે. જોકે, ઈમિગ્રન્ટ માતાપિતાના સંતાન તરીકે, તે જાણે છે કે ઈમિગ્રન્ટ્સે દેશને ઘણું આપ્યું છે. પરંતુ આપણે માનવ તસ્કરી અને દેશમાં ગેરકાયદેસર પ્રવેશ અટકાવવો પડશે. તમારા વડાપ્રધાન તરીકે, હું વચન આપું છું કે બધા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને આ દેશમાંથી બહાર ફેંકી દેવામાં આવશે. હવે કેનેડા પુનરાગમન કરશે અને તે શરૂ થઈ ગયું છે. કેનેડામાં મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ છે, જેમના વિઝા કાં તો સમાપ્ત થઈ ગયા છે અથવા તેઓ ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા છે. અત્યાર સુધી, કેનેડાની લિબરલ પાર્ટી વતી પીએમ જસ્ટિન ટ્રૂડોનું વલણ આ મુદ્દા પર નરમ રહ્યું છે. આ જ કારણ છે કે મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સે કેનેડામાં આશરો લીધો છે. તેમની સંખ્યા લગભગ પાંચ લાખ છે અને તેમાંના મોટાભાગના પંજાબી છે. કેનેડામાં, પીએમ ટ્રૂડોએ રાજીનામું આપી દીધું છે અને તેઓ કાર્યકારી પીએમ તરીકે કામ કરી રહ્યા છે. ઈમિગ્રેશન હવે ત્યાંનો સૌથી મોટો મુદ્દો છે. કેનેડા દરેક પગલે ઈમિગ્રેશન કડક બનાવી રહ્યું છે. કેનેડામાં રૂઢિચુસ્ત અને લિબરલ સાંસદોએ હવે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ ખુલ્લેઆમ બોલવાનું શરૂ કર્યું છે. રૂબી ધલ્લાના નિવેદનને લઈને કેનેડામાં પંજાબી સમુદાયમાં ભારે હોબાળો મચી ગયો છે. કેનેડામાં રહેતા જૂના રહેવાસીઓમાંના એક જસવિંદર સિંહ જસ્સા કહે છે કે રૂબી ધલ્લાનું નિવેદન પ્રશંસનીય છે. કેનેડા ત્યારે જ પ્રગતિ કરશે જ્યારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અહીંથી દૂર કરવામાં આવશે. તે જ સમયે, પાંચ લાખ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સમાં ઘણી અરાજકતા છે.







# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે સહકારી આગેવાનોની બેઠક મળી

અમરેલી, તા.૨૯

ગુજરાતના સહકારી ક્ષેત્રના અગ્રણી નેતાઓએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરવા માટે ગુજરાત રાજ્ય સહકારી સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને કામગીરી અંગે



વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મુલાકાત લેનાર મહાનુભાવોમાં ઈફકો અને એન.સી.યુ.આઈ.ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, રાજ્યસભાના સાંસદ નરહરિભાઈ અમીન, અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી તેમજ ગુજરાત રાજ્ય સહકારી સંઘના ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગુજરાતના સહકારી ક્ષેત્રના વિકાસ અને આગામી યોજનાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ રાજ્યના સહકારી ક્ષેત્રના વિકાસ માટે સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

# રાજુલાના કોવાયા ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ની ઉજવણી

અમરેલી તા.૨૯

ભારત સરકાર દ્વારા તા.૧ થી તા.૩૧ જાન્યુઆરી દરમિયાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરુપે રાજુલાના કોવાયા ખાતે અમરેલી આરટીઓ, અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ અને ખાનગી કંપની દ્વારા માર્ગ સલામતી



માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકો અને વાહન ચાલકો માર્ગ સલામતી માટે પ્રેરિત અને પ્રતિબદ્ધ થયા હતા. આ ઉપરાંત સમગ્ર સપ્તાહ દરમિયાન વાહન ચાલકો માટે માર્ગ સલામતીની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં માર્ગ સલામતીની બાબતોને આવરી લેવામાં આવી હતી. આ તકે પ્રશાંત ત્રિપાઠી, મયુર ઠક્કર, દિનકર દશોરા, જય અગ્રવાલ, વિજય મોહતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્ન યોજાયા

અમરેલી, તા.૨૯

અમરેલી શહેરના કેરિયા બાયપાસ રોડ ખાતેના બાળ હનુમાન તથા રૂદ્રેશ્વર મહાદેવ મંદિર ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ. સમૂહલગ્નમાં ૭ યુગલોએ પ્રભુતામાં પગલા માંડેલ અને આ તમામ યુગલો ગ્રામ્ય વિસ્તારના શ્રમિક, ગરીબ અને વિકલાંગ પરિવારના સંતાનો હતા. આ આયોજનની તમામ વ્યવસ્થાથી દરેક પરિવારો, મહેમાનો, યુગલો, દાતાઓ, સાધુ-સંતો અને રાજસ્વી અગ્રણીઓ પ્રભાવિત થયા હતા. દરેક યુગલ તથા પરિવારને ઘર વપરાશની કુલ-૧૧૧ વસ્તુઓ ભેટ આપવામાં આવેલ તેમ સમિતિના ધીરુભાઈ મકવાણા અને ભનુભાઈ થળેસાની યાદી જણાવે છે.

# વડેરાની જનતા વિદ્યાલયમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા.૨૯

વડેરામાં જનતા વિદ્યાલય અને પ્રાથમિક શાળા દ્વારા ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અમેરિકાસ્થિત નીતિનભાઈ ખાતરાના અધ્યક્ષ સ્થાને થઈ હતી. તેમના માતુશ્રીના સ્મરણાર્થે સ્વ. હીરાબેન ભીખુભાઈ ખાતરા સ્માર્ટ ક્લાસનું લોકાર્પણ કરાયું હતું.



આ પ્રસંગે ભરતભાઈ હપાણી, પ્રવિણભાઈ માંગરોળિયા, રામભાઈ દેથલીયા, કમલેશભાઈ, કાળુભાઈ, રાજુભાઈ નાકરાણી, અરવિંદભાઈ લાવડીયા વગેરે ઉપસ્થિત રહેલ. આ તકે નીતિનભાઈ ખાતરાએ શાળાને દસ કમ્પ્યુટરની ભેટ આપવાની જાહેરાત કરી હતી. શાળા પરિવાર દ્વારા દાતાનું સન્માન તેમજ નીતિનભાઈ દ્વારા ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓને શિલ્ડ અને નાથાભાઈ કુંભાણીએ રોકડ પુરસ્કાર આપેલ હતાં.

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

અમરેલી, તા.૨૯

બગસરાની નાગરિક શરાફી સહકારી મંડળીની શાખામાંથી ચલાલાના ફિરોજભાઈ નજરમામદ બ્લોચે રૂ.૫૦,૦૦૦ની લોન લીધી હતી. આ લોન પેટે મંડળીના હપ્તા પૈકીની તમામ રકમ ચૂકવવા ફિરોજભાઈએ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ચલાલા શાખાનો ચેક આપેલ. આ ચેક મંડળીએ ખાતામાં વટાવતાં તે પરત થયેલ, આથી મંડળીના વકીલ દ્વારા નોટિસ આપવામાં આવેલ હતી. આમ છતાં આરોપીએ મંડળીની રકમ ચૂકવી નહોતી. આથી મંડળી દ્વારા અમરેલી કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ થયેલ હતી. આ કેસ અમરેલી એડી. ચીફ કોર્ટમાં ચાલી જતા આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ૯ ટકાના વ્યાજ સહિતની રકમ મંડળીને ચૂકવવા હુકમ કર્યો છે. મંડળી વતી એડવોકેટ ચંદ્રેશ બી. મહેતા અને અશોક બી. વાળાની દલીલો કોર્ટે માન્ય રાખી હતી.

# વડીયાની યુવતીએ હાથ પર બ્લેડ મારી સુરવો ડેમમાં ઝંપલાવ્યું

વડીયા, તા.૨૯

વડીયામાં રહેતી એક યુવતી ધુની મગજની હતી. જેના કારણે હાથ પર બ્લેડ મારી ડેમમાં ઝંપલાવતાં તેનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે ભીખાભાઈ હિરાભાઈ મકવાણા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી દયાબેન ભીખાભાઈ મકવાણા (ઉ.વ.૨૨) ધુની મગજની હતી તેણે સુરવો ડેમ પર જઈ પોતાના બંને હાથના કાંડા પર બ્લેડ મારી ઈજા કરી ડેમમાં પડી ગઈ હતી. જેના કારણે મૃત્યુ પામી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે. તનવીશ શશીકાંત ગુપ્તા (ઉ.વ.૧૫ માસ) ચોથા માળેથી રમતા રમતા લોખંડની જાળીના વચ્ચેના ભાગેથી ગળકી જતાં નીચે પડ્યો હતો. જેને લઈ તેનું મૃત્યુ થયું હતું. ખારી ગામે રહેતા ભરતભાઈ દેવાતભાઈ ભુકાણ (ઉ.વ.૩૦) તેમના રહેણાંક મકાનની પાછળ આવેલા ખેતરમાં ઈલેક્ટ્રિક ટીસીએ બળી ગયેલો ડયો વાંસથી બાંધવા જતાં અકસ્માતે શોક લાગતાં બેભાન અવસ્થામાં દાખલ કર્યા હતા.

# નારાયણનગર ગામે કૌટુંબિક ઝઘડામાં સામસામી ફરિયાદ નોંધાઈ

**કાકાજી સસરાને જમવા આપવા જેવી બાબતે ઝઘડો થયો**

લાઠી, તા.૨૯

લાઠીના નારાયણનગર ગામે એક મહિલાની મર્યાદાનો ભંગ કરી તેનો ડ્રેસ ફાડીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. જેને લઈ શમાબેન વલ્લભભાઈ ડાભી (ઉ.વ.૨૭)એ કિરીટભાઈ ઉર્ફે શૈલેષ વલ્લભભાઈ ડાભી, પ્રભાબેન કિરીટભાઈ ડાભી તથા ભાવિક કિરીટભાઈ ડાભી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ અને તેમના મમ્મી ઘરે એકલા હોય તે દરમિયાન આરોપીઓ તેના ઘરમાં જઈ તમે વિનુકાકાને કેમ ખાવા નથી આપતા તેમ કહી ત્રણેય આરોપીઓએ તેમના મમ્મી સાહેદને ગાળો આપી હતી. તેઓ વચ્ચે પડતા તેના સાવકાભાઈની પત્નીએ પકડી રાખ્યા હતા. ઉપરાંત તેને ધક્કો મારી નીચે પાડી દઈ સ્ત્રી મર્યાદાનો ભંગ થશે, તેની આબરૂ જશે તેવું જાણવા છતાં તેની ઉપર બેસી ગુનાહિત બળ વાપરી માર મારી, જાતીય સતામણી કરી હતી. જેથી તે ભાગવા જતા પકડીને નીચે પાડી ફરીથી માર મારી તેના પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ પ્રભાબેન કિરીટભાઈ ડાભી(ઉ.વ.૩૫) એ મધુબેન વલ્લભભાઈ ડાભી તથા શમાબેન વલ્લભભાઈ ડાભી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના સસરાએ બીજા લગ્ન કરેલ હોય અને કાકાજી સસરા અપરણીત હોવાથી તેના સસરાના ઘરે રહેતા હતા. જેઓ બીમાર હોવા છતાં તેને કોઈ દવાખાને લઈ જતું ન હોવાથી તેના પતિ તેને દવાખાને લઈ ગયા હતા. જેથી તેમના નવા સાસુ મધુબેન વલ્લભભાઈ ડાભી તથા તેની દીકરી શમાબેન વલ્લભભાઈ ડાભીને સારૂ નહી લાગતા તેમના કાકાજીને જમવા કેમ આપ્યું નથી તે બાબતે પૂછતાં સારું નહોતું લાગ્યું અને ઢીકાપાટુથી મુંઢમાર માર્યો હતો. તેમજ મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી. આર. કસાડા વધુ તપાસ કરી રહ્યા છે.

# હડાળાની મુરલીધર ગૌશાળા દ્વારા જીવામૃતનું વેચાણ શરૂ

અમરેલી, તા.૨૯

અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના સહયોગથી ૧૯ જાન્યુઆરીના રોજ હડાળા ગામની મુરલીધર ગૌશાળામાં જીવામૃત પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી. કે. ટીંબડિયા અને



ધારી-બગસરાના ધારાસભ્યના પત્ની કોકિલાબેન કાકડીયાએ લોકાર્પણ કર્યું હતું. ગૌશાળાના ઉકાભાઈ બાબરીયાએ જણાવેલ કે, હાલ ગૌશાળા ખાતે ૧૦,૦૦૦ લિટર જીવામૃતનો પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જેમાં શરૂઆતમાં બનાવેલ ૨૦૦૦ લિટર જીવામૃતનું વેચાણ શરૂ થયેલ છે. વૈજ્ઞાનિક અભિગમ મુજબ જીવામૃત ૫-૭ દિવસમાં તૈયાર થાય છે. ટૂંક સમયમાંજ ઘન જીવામૃતનું પણ વેચાણ શરૂ કરાશે.

# અમરેલીની અંધશાળામાં દિવ્યાંગો માટે રોજગારલક્ષી કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૯

દિવ્યાંગ દીપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી અમરેલીના ચિતલ રોડ પર આવેલી અંધશાળામાં દિવ્યાંગો માટે રોજગારલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. આ તકે અમદાવાદના અંધજન મંડળના કિન્નરીબેન સહિતની ટીમ



ઉપસ્થિત રહી હતી. અંધજન મંડળ દ્વારા દર વર્ષે ચાર કરોડથી પણ વધારે દિવ્યાંગોને જે તે ધંધા માટે સાધન સહાય આપવામાં આવે છે અને ટ્રાયબલ એરિયામાં પણ સરસ કામ કરવામાં આવે છે. આ તકે મુન્નાભાઈ રાઠોડ, રાકેશ સરવૈયા, કાજલબેન ચૌહાણ, અલકાબેન, કિરીટભાઈ, વિજયભાઈ, વક્તા તરીકે ભરત કાતરીયાએ દિવ્યાંગોને રોજગારલક્ષી વાત કરી હતી.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



Hero
માઈલેજ લીડર
★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ
★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ
★★★★★
લાંબી આરામદાયક સીટ
★★★★★
મોટું ફ્લોરબોર્ડ
★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર
★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું Destini 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઇલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પહોળી સીટ 785mm | LED પ્રોજેક્ટર હેડલાઇટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**નિયમનો ઉલાળીયો કરાતા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ કાર્યવાહી કરી**

# ઓછી ઉંમરે એડમિશન અપાતા રાજુલાની સેન્ટ મેરી સ્કૂલને દંડ

રાજુલા, તા.૨૯

ગુજરાતની ખાનગી શાળાઓમાં બેફામ ગેરરીતિઓ આચરવામાં આવે છે. પરંતુ શિક્ષણ તંત્ર અને શાળા સંચાલકોની અતૂટ છેડાછેડીના કારણે તેમની સામે કોઈ પગલાં લેવાતા નથી. આવી જ એક ગેરરીતિ અંગે માહિતી આપતા રાજુલાના સામાજીક કાર્યકર જયેશ દવેએ જણાવ્યું હતું કે, શહેરની સેન્ટ મેરી સ્કૂલમાં અમિતભાઈ કસવાળાના પુત્ર ધ્યેય અને પુત્રી ધ્યાનાને સ્કૂલના વહિવટદાર તથા પ્રિન્સિપાલે બાળકોની ફી વસુલવાની લાલચે ઉંમરના નિયમ વિરુદ્ધ એડમીશન આપી દીધું હતું. એક વર્ષના અભ્યાસ બાદ આ બાળકોની ઉંમર પુરી થતી ન હોવાનું જણાવીને બાળકોને શાળામાંથી કાઢી મુકાયા હતા. આ અંગે અમિતભાઈ અને જયેશ દવેએ જિલ્લા શિક્ષણાધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને મૌખિક રજૂઆતો કરી હોવા છતાં કોઈ પગલાં લેવાયા નહોતા. પછી જે તે સમયે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અરજી સંદર્ભે તપાસ કરીને શાળાની ઓન રેકોર્ડ ગેરરીતિ સાબિત થયાનો અહેવાલ જિલ્લા શિક્ષણાધિકારીને સુપ્રત કરેલ. પરંતુ સ્કૂલના સંચાલકો સામે કોઈ કાર્યવાહી થઈ નહોતી. અંતે અરજદારે વકીલ દ્વારા શિક્ષણ તંત્રને લીગલ નોટીસ ફટકારતા તંત્રએ સફાળા જાગીને તાત્કાલિક અસરથી સેન્ટ મેરી સ્કૂલને કસુરવાર ઠેરવીને રૂ. દસ હજારનો દંડ ફટકાર્યો હતો. બાળકોના વાલીએ જણાવ્યું હતું કે, સ્કૂલના સંચાલકો કસુરવાર છે અને શિક્ષણ તંત્રે પોતાને કોર્ટમાં બચાવવાના આશયથી શાળાને દંડ કર્યો છે. આવા અસંખ્ય વાલીઓ આ સ્કૂલમાં ગેરરીતિનો ભોગ બન્યા હોવાનું કહેવાય છે, પણ કોઈ ફરિયાદ નોધાવતું નથી. ટૂંક સમયમાં આ સ્કૂલ સામે આર.ટી.આઈ. દ્વારા માહિતી મેળવીને શાળા અને તંત્ર સામે કોર્ટમાં લેખિત ફરિયાદો કરવા તજવીજ હાથ ધરવામાં આવશે.

# અમરેલી શહેરનાં એરપોર્ટ ખાતે આગ : મોટી દુર્ઘટના ટળી

અમરેલી, તા. ૨૯



અમરેલી શહેરનાં ચિત્તલ રોડ પર આવેલ એરપોર્ટ ખાતે અચાનક આગ લાગી હતી. આ આગ એરપોર્ટની અંદર આવેલા ઘાસનાં વિસ્તારમાં લાગેલી હતી. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થવા પામેલ નથી. આ ઘટનાની ટેલિફોનિક જાણ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-અમરેલીનાં કંટ્રોલરૂમને કરવામાં આવતા ફાયર ફાયટર, વોટર બાઉઝર સાથે ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગને કાબુમાં લીધી હતી. ફાયર વિભાગે સૂઝબૂઝથી કામગીરી કરીને મોટી ઘટનાને ટાળી હતી.

# લેટરકાંડ મુદ્દે મનિષ વઘાસીયા સહિત ત્રણેય લોકોએ પ્રેસ કોન્ફરન્સ યોજી

અમરેલી, તા.૨૯



અમરેલી લેટરકાંડ મુદ્દે મનિષભાઈ વઘાસીયા, અશોકભાઈ માંગરોળીયા અને જીતુભાઈ ખાત્રાએ જશવંતગઢ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી સમગ્ર ઘટનામાં તેઓ નિર્દોષ હોવાનું જણાવ્યું હતું અને લેટરની એફએસએલ તપાસ કરવા પણ માંગ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સમગ્ર કાંડમાં તેઓને ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યા છે. જશવંતગઢનાં પૂર્વ સરપંચ અશોકભાઈ માંગરોળીયાએ જણાવ્યું હતું કે, વિવિધ કામોમાં થયેલ ભ્રષ્ટાચાર મુદ્દે તેઓ રજૂઆત કરી રહ્યા હોઈ જેના બદલાની ભાવના રાખી તેઓને ફસાવવામાં આવ્યા છે.

# નાના લીલીયા ચોકડીથી શેઢાવદર ગામ જવાના રસ્તેથી ૨૦૦ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાં પોલીસે ચાર સ્થળેથી ૨૦૦ લીટરથી વધુ દેશી દારૂ ઝડપ્યો હતો. નાના લીલીયા ચોકડીથી શેઢાવદર ગામ જવાના રસ્તે જાહેર રોડ પરથી એક મોટર સાયકલ ચાલક પાસેથી ૨૦૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. પોલીસે કુલ ૭૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પીપરીયા અને ધોળાદ્રી ગામેથી એક-એક મળી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં મળી આવ્યા હતા.

## અવસાન નોંધ

**અમરેલી**

સ્વ.મનીષભાઈ ભાનુશંકર દવે (ઉ.વ.પ૬)નું તા. ૨૭/૦૧/૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે અલકાબેન રાજુભાઈ શુકલ(અમરેલી)ના ભાઈ છે. તેમનું સદગતનું બેસણુ તા.૩૦/૦૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૭ થી સાંજે ૫ કલાક સુધી શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર મોહનનગર ડો. બાવળિયાના દવાખાના પાસે અમરેલી ખાતે રાખેલ છે.

**મહુવા**

સ્વ. શ્રી કંચનબેન શાંતિલાલ જોષી તે શ્રી શાંતિલાલ ત્રિભોવનદાસ જોષીના ધર્મપત્ની, શ્રી રાજેશકુમાર, શ્રી હિતેશકુમાર (આણંદ), શ્રી મુકેશકુમાર (અમેરિકા) તથા ગં.સ્વ.શ્રી જાગૃતિબેન નિરંજન કુમાર ત્રિવેદી (ભાવનગર), શ્રી મૃદુલાબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી (સાવરકુંડલા), શ્રી તૃપ્તિબેન (મહુવા), શ્રી ગીતાબેન નિલેશ કુમાર પંડ્યા(મહુવા)ના માતુશ્રીનું ગત તા. ૨૮/૦૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમની સદગતની સાદડી તા.૩૦/૦૧ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે લીલી વાડી કોલેજ રોડ મહુવા ખાતે રાખેલ છે.

**મોટી કુંકાવાવ**

ઈન્દુબેન રમણીકભાઈ જોષી (ઉ.વ.૮૩)નું તા. ૨૮/૦૧ના રોજ અવસાન થયેલ છે. તે મહેન્દ્રભાઈ છગનભાઈ જોષી (લોકસાહિત્યકાર સેતુ અમરેલી) તેમજ પ્રતાપભાઈ છગનભાઈ જોષી (ચલાલા) ના ભાભી તથા મનોજભાઈ, કિરીટભાઈ તેમજ ધર્મિષ્ટબેન કિરીટભાઈ રાવળ (ઉપલેટા)ના માતૃશ્રી તથા રજતભાઈ, રૂચાભાઈ તેમજ મિહીરભાઈના દાદીમા થાય છે. તેમનું બેસણું તા.૩૦/૦૧ના રોજ સાંજના ૪થી ૬ નાથાભાઈ દેવાનીના ડેલામાં રામજી મંદિર પાસે મોટી કુંકાવાવ મુકામે રાખેલ છે.

# લીલીયા મોટા સરકારી કોલેજમાં નારી ગરિમા ઉત્સવની ભવ્ય ઉજવણી

લીલીયા, તા.૨૯



લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં તાજેતરમાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ Collegiate Women's Development Committee (C.W.D.C.) દ્વારા 'નારી ગરિમા ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજની ૪૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડૉ. નેહાબેન પીપળીયા (આયુષ મેડિકલ ઓફિસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ગુંદરણ) અને મધુબેન શિંગાળા (ટી.એચ.વી., તાલુકા હેલ્થ ઓફિસ-લીલીયા મોટા) ઉપસ્થિત રહ્યા હતા.


વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



સંકુલ MBA - MCA ગર્લ્સ કોલેજ ચાલુ
સંકુલ MBA - MCA બોયઝ કોલેજ આયોજન
★ સંકુલ ની MBA ગર્લ્સ કોલેજ અને MCA ગર્લ્સ કોલેજ GTU એફીલીએટેડ અને AICTE એપ્રુવડ કોલેજ છે – જે રેગ્યુલર ચાલે છે – ઉચ્ચ પરિણામ લાવે છે.
★ જુન ૨૦૨૫ થી સંકુલ માં MBA બોયઝ કોલેજ અને MCA બોયઝ કોલેજ શરૂ કરવાની GTU અને AICTE ની મંજુરી પ્રક્રિયા ચાલુ છે – તે પણ રેગ્યુલર ચાલશે.
★ બોયઝ કોલેજ – અલગ કમ્પાઉન્ડ & બિલ્ડીંગ – અલગ Entry & Exit
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad104


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નોટીસમા સહી કરનારા (૧) ડાંગર જગાભાઈ જાદવભાઈ, ઉ.વ.આ. ૫૫, ધંધો- ખેતીકામ, રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી, (૨) હુમલ જસાભાઈ રાણાભાઈ, ઉ.વ. આ.૫૩, ધંધો - ખેતીકામ, રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી, (૩) સાડ આલાભાઈ માસાભાઈ, ઉ.વ.આ. ૫૧,ધંધો - ખેતીકામ, રહે.ઉંડવી, તા.જી.ભાવનગર, ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામે આવેલ ખેડ ખાતા નં.૭૫૨ જેના રે.સ. નં-૩૪૨ (જુનો રે.સ.નં.૧૯૮ પૈકી ૧/ પૈકી ૧) તથા રે.સ.નં.૩૪૩ (જુનો રે.સ.નં-૨૦૧), હે.આરે. ૧-૫૭-૬૫, તથા રે.સ.નં.૫૨ (જુનો રે.સ.નં.૧૯૮ પૈકી ૩/ પૈકી ૧), હે.આરે. ૦-૩૫-૩૩, વાળી ખેતીની જમીનોનો સ્વતંત્ર/સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ,અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમા જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય જે વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હકકો, તથા કબજા, ભોગટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હક્કો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકકો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણનો હકકો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા,હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે,અને તે પછી ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા,તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, અને ઉપરોકત જમીનમાં ત્યારબાદ આવા કોઈ કરાર, લખાણ કરીને જમીનમાં પ્રવેશ કરવામાં આવશે તો તેની સામે ફોજદારી અને કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગે થતા ખર્ચની જવાબદારી જે-તે વ્યકિત, સંસ્થાની રહેશે. તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

પત્ર વ્યવહારનું સરનામુ :-

(૧) ડાંગર જગાભાઈ જાદવભાઈ,
(૨) હુમલ જસાભાઈ રાણાભાઈ,
(૩) સાડ આલાભાઈ માસાભાઈ,
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
B.Com, L.LB
સ્ટેશન રોડ,સોમનાથ કોમ્પલેક્ષ પહેલો માળ, નગરપાલીકા કચેરીની સામે,
મું. લાઠી, તા.લાઠી, જી.અમરેલી
માં.ન. ૭૬૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર

.................સહિ.................
(ડાંગર જગાભાઈ જાદવભાઈ)

.................સહિ.................
(હુમલ જસાભાઈ રાણાભાઈ)

.................સહિ.................
(સાડ આલાભાઈ માસાભાઈ)

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૧૫/૨૦૨૫

અરજદાર... (૧)શ્રી શારદાબેન દેવશન્કરભાઈ દવે
રે.ખોડીયાર સોસા. લીલીયા ફાટક પાસે અમરેલી
તા.જી.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલ દવે
ઠે.દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા અમરેલી
મો.૯૪૨૬૭ ૧૬૪૨૫

-: વિરૂધ્ધ :-

સામાવાળા......તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, આંબા, તા.લીલીયા,જિ.અમરેલી.

### ::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના લીલીયા ગામના રહીશ શ્રી શારદાબેન દેવશન્કરભાઈ દવેએ તેમના પોતાનો જન્મ આંબા મુકામે તા.૧૫/૧૧/૧૯૩૮ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી શારદાબેન દેવશન્કરભાઈ દવેના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૩૮માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971



રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સા.કુંડલા લીલીયા વિધાનસભાની વિકાસગાથા: 'ઋણાનુંબંધ' પુસ્તકનું ભવ્ય લોકાર્પણ કરાયું

સાવરકુંડલા, તા.૨૯



સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના નેતૃત્વમાં વિસ્તારના સર્વાંગી વિકાસની ગાથાને દર્શાવતું 'ઋણાનુંબંધ' પુસ્તકનું ભવ્ય લોકાર્પણ દશા શ્રીમાળી જૈન બોર્ડિંગ, કાપેલ ધાર, સાવરકુંડલા ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમમાં નેસડી ખોડલધામના મહંત લવજીભગત, સાંસદ ભરતભાઈ સુતરીયા અને અમરેલી જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ કેશુભાઈ વાઘેલાના વરદ હસ્તે પુસ્તકનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં વિધાનસભા વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા વિકાસ કાર્યોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. રસ્તાઓનું નવીનીકરણ, પાણી પુરવઠાની સુવિધાઓમાં વધારો, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયાસો, ગ્રામીણ વિકાસ અને રોજગારીની તકોનું સર્જન જેવા વિવિધ ક્ષેત્રોમાં થયેલા કામોની વિગતવાર માહિતી આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

# લાઠી અને રાજુલા વિસ્તારમાં જુદા-જુદા અકસ્માતમાં બે લોકોના મોત

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના બની હતી. જેમાં બે વ્યક્તિના મોત થયા હતા. લાઠીના ભુરખીયા ખાતે રહેતા હરદેવસિંહ અમરશીભાઈ ગોહીલ (ઉ.વ.૩૨)એ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની ભાણેજ તેમના ભાઈને લાઠી ખાતે નિશાળે મૂકીને એક્ટીવા લઈને પરત ભુરખીયા આવતી હોય તે દરમિયાન રામપર ગામ પહેલા સામેની સાઈડથી અજાણ્યા ફોર વ્હીલ ચાલકે પોતાની ફોર વ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ભાણેજ સાથે ભટકાવતા માથાના ભાગે હેમરેજ તથા ઈજા થતાં સારવાર અર્થે ખસેડી હતી. જ્યાં તેનું સારવારમાં મૃત્યુ થયું હતું.

બીજા બનાવમાં રાજહંસકુમાર શ્રવણ પાસવાન રંજન (ઉ.વ.૩૪) એ રાજુલામાં રહેતા અશોકભાઈ ધનજીભાઈ સોંલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેઓ તથા તેના મિત્ર સ્કુટી લઈને રાજુલા સરકારી હોસ્પિટલથી ફિટનેસ કરાવી પરત આવતા હોય તે દરમિયાન કડીયાળી ગામે આવેલ ટી.ટી. કોટન કંપની સામે રોડ ઉપર પહોંચતા સામેથી મોટર સાયકલ ચાલકે પુરઝડપે આવી ટક્કર મારી હતી. ટક્કર લાગવાથી તેઓ નીચે પછડાતા જમણી આંખના નેણ ઉપર ગંભીર ઈજા તથા તેમને માથાની જમણી બાજુ ઈજા કરી હતી. જ્યારે ચાલકનું મોત થયું હતું.

# શાખપુર(લાઠી)માં જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન

અમરેલી, તા.૨૯



લાઠી તાલુકાના શાખપુર ગામમાં પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત પુસ્તકાલયનું તા.૨૭/૧/૨૫ સોમવારે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ડો. જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત આ નવમું પુસ્તકાલય છે. આ પુસ્તકાલયમાં ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં લાઠી તાલુકાના યુવાનોને કેન્દ્રમાં રાખીને એ પ્રકારના પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન હીપાવડલીનાં લટુરીયા હનુમાનજી આશ્રમના સંત પૂજ્ય જશુબાપુએ કરેલું હતું તેમજ વડોદરાના માર્ગીસ્મિત સ્વામી મુખ્ય અતિથિ હતા. તદુપરાંત મહેશભાઈ કાનાણી, ભરતભાઈ દેવૈયા, બાબુભાઈ ખુમાણ, સુનિલભાઈ ગોયાણી, પાર્થ તેરૈયા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા નગરપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ રજૂ કર્યુ



રાજુલા, તા.૨૯

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આ દરમિયાન રાજુલા નગરપાલિકાની ચૂંટણીનું રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ રવિરાજભાઈ ધાખડાએ કોંગ્રેસ પક્ષમાંથી અમરેલી જિલ્લા કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂની આગેવાનીમાં પ્રથમ ફોર્મ રાજુલા પ્રાંત કલેકટર ખાતે રજૂ કર્યું હતું. આ સમયે તેમના ટેકેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં વાલ્મીકિ સમાજ શિક્ષણ સંગઠન ગુજરાતની હેડ ઓફિસનું ઉદ્‌ઘાટન કરાયું

અમરેલી, તા.૨૯



વાલ્મીકિ સમાજના શૈક્ષણિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું ભરતાં અમરેલી ખાતે વાલ્મીકિ સમાજ શિક્ષણ સંગઠન ગુજરાતની હેડ ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશીના હસ્તે રિબીન કાપીને કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણીએ પત્ર દ્વારા સંગઠનને શુભેચ્છાઓ પાઠવી હતી અને આગામી સમયમાં કાર્યાલયની મુલાકાત લેવાની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ અને શરદભાઈ મકવાણાએ વિશેષ હાજરી આપી હતી. આ પ્રસંગે પંકજ વાળા, ભાવેશ વાળોદરા, રાજુભાઈ ચૌહાણ અને રાહુલ ગોહિલ, આનંદ ગરણીયા, મુકેશ વાઘેલા, અલ્પેશ વાળા અને વિપુલ સોલંકી સહિત જિલ્લા-તાલુકાની ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સાવરકુંડલામાં યુવકને છરીથી ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં એક યુવકને છરીથી ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે અરમાનભાઈ દિલાવરભાઈ બેલીમ (ઉ.વ.૨૪)એ શબ્બીરભાઈ સિકંદરભાઈ જાદવ, સિરાજભાઈ સિકંદરભાઈ જાદવ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પીઠવડીથી શીંગની ખાલી ગાડી લઈને સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે પહોંચ્યા ત્યારે આરોપીએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી માર માર્યો હતો. તેમજ બરડાના પાછળના ભાગે ઈંટ મારીને છરી વડે ડાબી આંખનાં નેણના ભાગે ટાંકા લાવી ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલબાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૨૯



અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૭૬મા પ્રજાસતાક પર્વની ઉજવણી અનેરા ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં કરવામાં આવી હતી. શાળાના શિક્ષક ગુણવંતભાઈ જોષીએ દેશભક્તિ ગીત દ્વારા વાતાવરણને દેશપ્રેમથી સભર બનાવ્યું. ધોરણ-૧૧ના એક વિદ્યાર્થીએ પ્રજાસત્તાક દિન, બંધારણ અને વીર શહીદોને યાદ કરતું પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ પોતાના સંબોધન કર્યું હતું.

# દક્ષેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રી નિમિત્તે રુદ્રયાગ યજ્ઞનું આયોજન કરાશે

અમરેલી, તા.૨૯



અમરેલીમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-સંચાલિત ગાયત્રી મંદિરના પટાંગણમાં દક્ષેશ્વર મહાદેવ મંદિરે ૨૬/૦૨/૨૦૨૫ના રોજ મહાશિવરાત્રી નિમિત્તે ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ રુદ્રયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ શિવ પૂજાનો લ્હાવો લેવા માટે અને આ પૂજામાં જોડાવા માટે ૧ પાટલાના રૂપિયા ૨૫૦૦ રાખવામાં આવેલ છે. જ્યારે મુખ્ય યજમાનના ૩ મુખ્ય પાટલા રાખેલ છે, જેના ૧ પાટલાના રૂ, ૧૧૦૦૦/- રાખેલ છે. આ શિવ પૂજાનો લ્હાવો લેવા મંદિરનો સંપર્ક કરવો.

# અમરેલીમાં યુવકને માથામાં લાકડું માર્યું

અમરેલી, તા.૨૯

અમરેલીમાં રહેતા એક યુવકને ગાળો આપીને માથામાં લાકડું મારવામાં આવ્યું હતું. બનાવ અંગે સવજીભાઈ જીવાભાઈ દાફડા (ઉ.વ.૫૦) એ મીલન મકવાણા નામના યુવક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમા દીકરા હિરેનના મિત્ર હર્ષદ ખંભાયતા સાથે આરોપીને અગાઉ માથાકૂટ થઈ હતી. જેથી તેમના દીકરા પાસે તેનો મોબાઈલ નંબર માગતા તેની સાથે ગાળાગાળી કરતા હતા. તેને સમજાવવા જતાં જેમ ફાવે તેમ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને લાકડા વડે માથામાં માર મારી લોહી કાઢ્યું હતું. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૩૦-૦૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૦,
સૂર્યાસ્ત-૦૫:૫૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૩૦-૦૧-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ: આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે.

મિથુન: દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઇચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક: આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો.

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા: આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે.

તુલા: આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિના અભાવથી કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે.

ધન: આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે.

મકર: આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

કુંભ: આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન: આજે તમે બેપરવા રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરી, પર્યટનનું આયોજન કરવામાં આવશે.

# રાજકોટમાં મહિલાએ પિતા સાથે વાત કરતાં સાસરિયાએ ઝઘડો કરી ત્રાસ આપ્યો

બાબરા, તા.૨૯

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતી એક પરિણીતાને કરિયાવર મુદ્દે સાસરિયાએ કનડગત કરી હતી. જયશ્રીબેન વસંતભાઈ દાફડા (ઉ.વ.૨૬) એ રાજકોટમાં રહેતા પતિ સપનેશભાઈ જયંતીભાઈ મારૂ, સાસુ- હંસાબેન, સસરા જયંતીભાઈ, નણંદો- સેફાલી તથા સાયના ઉર્ફે જાગૃતિ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પતિ, સાસુ સસરા તેમજ નણંદો ઘરકામ બાબતે તેમજ કરિયાવર બાબતે અવાર-નવાર મેણાટોણા મારતા હતા. તેમજ તેના પિતા સાથે ફોનમાં વાત કરવા બાબતે તમામ લોકોએ ઝઘડો કરી ગાળો આપી ઢીકાપાટુનો મુઢમાર મારી અવાર-નવાર શારીરિક માનસિક દુ:ખ ત્રાસ આપ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.વી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભામાં પડોશીઓમાં ધડબડાટી બોલી

ખાંભા, તા.૨૯

ખાંભામાં પડોશી વચ્ચે માથાકૂટ થઈ હતી. બનાવ અંગે રાજુભાઈ મનુભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬)એ રાણીંગભાઈ રાવતભાઈ વાઘોશી તથા મધુભાઈ રાવતભાઈ વાઘોશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ઘરે હોય ત્યારે તેને તેના માસીનો ફોન આવ્યો કે તેઓની સાથે તેના પાડોશી બોલાચાલી કરતા હતા. જેથી તે તથા તેના બા તેમના માસીના ઘર પાસે જતા ધોકા માર્યા હતા. તેમને તથા તેના બા ને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ મધુભાઈ રાવતભાઈ વાઘોશી (ઉ.વ.૪૨)એ રાજુભાઈ મનુભાઈ ચૌહાણ તથા લીલાબેન મનુભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ઘરે હોય ત્યારે તેમના પાડોશમાં રહેતા જીતુબેન કેશુભાઈ મકવાણાની દીકરી તેજલબેન તેમની ભત્રીજી સાથે બોલાચાલી કરતા હતા. જેથી તેઓ તથા તેમના ભાઈ ઘર બહાર જઈ પોતાની ભત્રીજીને બોલાચાલી ન કરવા સમજાવતા હતા. તે દરમિયાન આરોપીઓએ આવી તેમને તથા તેમના ભાઈને ગાળો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.


## -::જાહેર નોટીસ::-

આથી અમો નોટીસમા સહી કરનારા (૧) ડાંગર જગાભાઈ જાદવભાઈ, ઉ.વ.આ.૫૫, ધંધો-ખેતીકામ, રહે.લાઠી, તા.લાઠી, જી-અમરેલી, (૨) ડાંગર વસંતબેન જગાભાઈ, ઉ.વ.આ.૫૨, ધંધો - ખેતીકામ, રહે.લાઠી, ઠે. વાવડીયા શેરી, તા.લાઠી, જી-અમરેલી ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામે આવેલ ખેડ ખાતા નં.૭૫૭ જેના રે.સ-નં-૩૪૦ (જુનો રે.સ.નં.૧૯૯), જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૦-૭૧ વાળી ખેતીની જમીનનો સ્વતંત્ર/સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ,અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમા જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય જે વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હકકો, તથા કબજા, ભોગટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હક્કો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકકો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણનો હકકો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ -૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે,તેમ સમજીને અગર તો કોઈના હકક,હિસ્સા,હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે,અને તે પછી ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા,તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, અને ઉપરોકત જમીનમાં ત્યારબાદ આવા કોઈ કરાર, લખાણ કરીને જમીનમાં પ્રવેશ કરવામાં આવશે તો તેની સામે ફોજદારી અને કોર્ટ રાહે કાર્યવાહી કરવામા આવશે અને તે અંગે થતા ખર્ચની જવાબદારી જે-તે વ્યકિત, સંસ્થાની રહેશે. તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

પત્ર વ્યવહારનું સરનામુ :-
(૧) ડાંગર જગાભાઈ જાદવભાઈ
(૨) ડાંગર વસંતબેન જગાભાઈ,
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
B.Com.L.LB
સ્ટેશન રોડ,સોમનાથ કોમ્પલેક્ષ પહેલો માળ,
નગરપાલીકા કચેરીની સામે,
મુ. લાઠી, તા.લાઠી, જી-અમરેલી
મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
........................
(ડાંગર જગાભાઇ જાદવભાઇ)
સહી
........................
(ડાંગર વસંતબેન જગાભાઇ)



## -::જાહેર નોટીસ::-

આથી અમો નોટીસમા સહી કરનારા ડાંગર જગાભાઈ જાદવભાઈ, ઉ.વ.આ.૫૫, ધંધો - ખેતીકામ, રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી. ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામે આવેલ ખેડ ખાતા નં.૭૫૬ જેના રે.સ.નં.૩૪૧ (જુનો રે.સ.નં.૨૦૦) જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૫૪-૬૫ વાળી ખેતીની જમીનનો સ્વતંત્ર/સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ,અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમા જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય જે વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હકકો, તથા કબજા, ભોગટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હકકો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકકો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણનો હકકો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે,તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા,હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે,અને તે પછી ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા,તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, અને ઉપરોકત જમીનમાં ત્યારબાદ આવા કોઈ કરાર, લખાણ કરીને જમીનમાં પ્રવેશ કરવામાં આવશે તો તેની સામે ફોજદારી અને કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગે થતા ખર્ચની જવાબદારી જે-તે વ્યક્તિ, સંસ્થાની રહેશે. તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ.ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

પત્ર વ્યવહારનું સરનામુ :-
ડાંગર જગાભાઈ જાદવભાઈ
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
B.Com, L.LB
સ્ટેશન રોડ,સોમનાથ કોમ્પલેક્ષ પહેલો માળ, નગરપાલીકા કચેરીની સામે,
મુ. લાઠી, તા.લાઠી, જી.અમરેલી
મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
........................
(ડાંગર જગાભાઈ જાદવભાઈ)

**તંત્રી લેખ**

# પોલ્યુશન કંટ્રોલનું નવું મિકેનિઝમ

વિશ્વના સૌથી મોટા ધાર્મિક કુંભમેળામાં પ્રદૂષણ નિવારણની જે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તે બેનમૂન છે કારણ કે જ્યાં કરોડો લોકો ભેગા થયા છે ત્યાં પ્રદૂષણને નિવારવાની જે સિસ્ટમ ગોઠવવામાં આવી છે તેને જોઈને વિદેશમાંથી આવેલા લોકો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. આપણા દેશમાં જલ પ્રદૂષણની સમસ્યા ખૂબ જ ગંભીર પ્રકારની છે .

તાજેતરમાં ગત સપ્તાહે યમુના નદીના જલ પ્રદૂષણ મુદ્દે કેજરીવાલની દિલ્હી સરકાર સામે મોટો વિવાદ ઊભો થયો હતો. આ સમસ્યાની સાથોસાથ વાયુ પ્રદૂષણની સમસ્યા પણ દિલ્હીની સૌથી મોટી સમસ્યા છે. માત્ર દિલ્હી જ નહીં પરંતુ દરેક મોટા શહેરોમાં આ સમસ્યા વધુ ને વધુ વકરતી જાય છે જેને નિવારવા માટે પરફેક્ટ સિસ્ટમ ગોઠવવા માટે સરકાર પ્રયાસ કરી રહી છે.

અમેરિકાની ધરતી પર પ્રદૂષણને નિવારવા માટે નવા પ્રકારનું મિકેનિઝમ ગોઠવવામાં આવ્યું છે. દિલ્હીમાં પણ વાયુ પ્રદૂષણ નિવારવા માટે અનેક પ્રકારના પ્રયોગોને અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. જેમાં પોલ્યુશન કંટ્રોલ ટાવર મુખ્ય છે. આ ટાવર હવામાંથી પોલ્યુશનને ખેંચે છે અને સ્ટોર કરે છે. આ ઉપરાંત હાઈવેની બંને બાજુએ કાર્બનને શોષતા મશીનો ગોઠવીને કાર્બનને કંટ્રોલ કરવામાં આવે છે. માત્ર દિલ્હી નહીં પરંતુ જગતના મોટાભાગના મહાનગરોમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની ચૂકી છે.

આ પ્રદૂષણને ચોક્કસ નિવારી શકાય છે. વાયુ પ્રદૂષણ એ એક ગંભીર મુદ્દો છે જે જાહેર આરોગ્ય અને પર્યાવરણ માટે નોંધપાત્ર જોખમ ઉભું કરે છે. તે વૈશ્વિક સમસ્યા છે. એવી સમસ્યા છે કે જેને કારણે વિશ્વભરમાં લાખો લોકો રોગનો ભોગ બને છે, જે વિવિધ શ્વસન રોગો, રક્તવાહિની સમસ્યાઓ અને અકાળ મૃત્યુ તરફ દોરી જાય છે.

વાયુ પ્રદૂષણના કારણો અને પરિણામોનું અન્વેષણ કરવુ જરૂરી છે. તેમજ તેની હાનિકારક અસરોને ઘટાડવા માટે સંભવિત ઉકેલોની દિશામાં કામ કરવું જરૂરી છે. વાયુ પ્રદૂષણના પ્રાથમિક કારણોમાંનું એક ઉર્જા ઉત્પાદન અને પરિવહન માટે અશ્મિભૂત ઈંધણનું બર્નિંગ છે. કોલસો, તેલ અને ગેસનું દહન વાતાવરણમાં સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ અને રજકણ જેવા હાનિકારક પ્રદૂષકોને મુક્ત કરે છે. આ પ્રદૂષકો હવામાં રહેલા અન્ય રસાયણો સાથે પ્રતિક્રિયા કરીને ધુમ્મસ અને એસિડ વરસાદની રચના કરી શકે છે, જે માનવ સ્વાસ્થ્ય અને ઈકોસિસ્ટમ પર હાનિકારક અસરો કરી શકે છે.

વિશ્વની અંદર સૌથી વધુ ઓટોમોબાઈલ પોલ્યુશન છે સાથે સાથે ઈન્ડસ્ટ્રીયલ પોલ્યુશન પણ જેવું તેવું નથી. આપણા દેશમાં બંને પ્રકારના પોલ્યુશન માની ન શકાય તેટલી હદે વકરેલા છે. વાયુ પ્રદૂષણનો બીજો મુખ્ય સ્ત્રોત વાહનોનું ઉત્સર્જન છે, ખાસ કરીને ડીઝલથી ચાલતા વાહનોમાંથી. એક્ઝોસ્ટના ધૂમાડામાં કાર્બન મોનોક્સાઈડ, અસ્થિર કાર્બનિક સંયોજનો અને સૂક્ષ્મ કણો જેવા ઝેરી પદાર્થો હોય છે જે ફેફસાંમાં ઊંડે સુધી પ્રવેશી શકે છે અને શ્વસન સમસ્યાઓનું કારણ બને છે. ભારે ટ્રાફિકની ભીડ ધરાવતા શહેરી વિસ્તારોમાં, હવાની ગુણવત્તા ઘણીવાર નોંધપાત્ર રીતે બગડે છે, જે રહેવાસીઓના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે.

# ચીન - પાકિસ્તાનની દોસ્તી દુશ્મનાવટમાં બદલાઈ ચૂકી છે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ચિને ડઝન બંધ દેશોને આર્થિક સહાયતા પૂરી પાડી છે અને મેગા પ્રોજેક્ટ શરૂ કરીને આ દેશોમાં પોતાનો પગ-પેસરો કરીને આ દેશને દેવાદાર બનાવી નાખ્યા છે. એમાં શ્રીલંકા, પાકિસ્તાન અને આફ્રિકાના દેશોનો સમાવેશ થાય છે. એમાં સૌથી વધારે કપરી હાલત શ્રીલંકા અને પાકિસ્તાનની જ છે. પાકિસ્તાનમાં તો લોકો અનાજ માટે શેરીયુદ્ધ કરી રહ્યા છે. આ પાકિસ્તાને પોતાના દેશને દુબઈ જેવું બનાવવાનું સપનું જોયેલું પરંતુ આ સપનું તૂટી ચૂક્યું છે.

આ હસીન સપનું એવું હતું કે ચીન જો મદદ કરે તો પાકિસ્તાન દુબઈ જેવું બની શકે પરંતુ પાકિસ્તાનમાં વધતી જતી આતંકવાદી પ્રવૃત્તિને કારણે ચીનના મહત્વકાંક્ષી પ્રોજેક્ટોમાં ખૂબ મોટી રુકાવટ આવી. અફઘાનિસ્તાનના અને પાકિસ્તાનના ત્રાસવાદીઓ ચાઈનીઝ એન્જિનિયરો અને કામદારો ઉપર હુમલા કરવા લાગ્યા અને પરિણામે ચીનના અને પાકિસ્તાનના સંબંધોમાં ખટાશ આવવા લાગી આખરે પાકિસ્તાનને આ મોટા પ્રોજેક્ટથી હાથ ધોવો પડ્યો. આ બાબતના મહત્વના સમાચાર ગાર્ડન અખબારમાં પ્રસિદ્ધ થતા જ ભારે સનસનાટી મચી ગઈ હતી.

ચીનના મહત્વાકાંક્ષી ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) પ્રોજેક્ટ અને પાકિસ્તાનના ગ્વાદરમાં નવા ગ્વાદર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પ્રશ્નો ઉઠાવનારા બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન'ના અહેવાલ પર ચીન અને પાકિસ્તાનને સ્પષ્ટતા જારી કરવી પડી છે.

પાકિસ્તાનના સૌથી મોટા એરપોર્ટનું ઉદ્ઘાટન ૨૦ જાન્યુઆરીએ બલુચિસ્તાન પ્રાંતના દરિયાકાંઠાના શહેર ગ્વાદરમાં કરવામાં આવ્યું હતું. પાકિસ્તાનના સંરક્ષણ અને ઉડ્ડયન મંત્રી ખ્વાજા આસિફ નવા ગ્વાદર એરપોર્ટના લોન્જનું ઉદ્ઘાટન કરવા પહોંચ્યા હતા. ખ્વાજા આસિફે કહ્યું હતું કે આનાથી આ વિસ્તારમાં મૂડી રોકાણ વધશે અને રોજગારની તકો ઊભી થશે. તેમણે ગ્વાદર એરપોર્ટના નિર્માણને ચીન-પાકિસ્તાન સહયોગની એક મોટી સિદ્ધિ ગણાવી હતી.

જોકે, તાજેતરના વર્ષોમાં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર હવે અપેક્ષા મુજબ ગતિએ આગળ વધી રહ્યો નથી. આવી સ્થિતિમાં, પ્રશ્નો ઉભા થાય છે કે નાના શહેરમાં આટલા મોટા એરપોર્ટની શું જરૂર હતી ? બ્રિટિશ અખબારના અહેવાલ દ્વારા આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે, જેના પછી ચીન અને પાકિસ્તાને નિવેદન બહાર પાડવું પડ્યું.

પાકિસ્તાન માટે ચીનના રાજકીય સચિવ, વાંગ શેંગજીએ ઈસ્લામાબાદમાં ધ ગાર્ડિયનને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો જેમાં તેમણે CPEC પ્રોજેક્ટ પર ઊંડી ચિંતાઓ વ્યક્ત કરી હતી. ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) એ ચીન અને પાકિસ્તાન વચ્ચેનો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટનો હેતુ ચીનના શિનજિયાંગ પ્રાંતને પાકિસ્તાનના ગ્વાદર બંદર સાથે જોડવાનો છે, જેનાથી ચીનને અરબી સમુદ્ર સુધી પહોંચવામાં સરળતા રહે. આ પ્રોજેક્ટમાં રસ્તાઓ, રેલ્વે, પાઈપલાઈન્સ અને અન્ય માળખાકીય સુવિધાઓનું નિર્માણ સામેલ છે.

CPEC પ્રોજેક્ટને ચીન અને પાકિસ્તાન બંને માટે ફાયદાકારક માનવામાં આવે છે. ચીનને મધ્ય એશિયા અને યુરોપ સાથે વેપાર કરવા માટે એક નવો માર્ગ મળશે, જ્યારે પાકિસ્તાનને આ પ્રોજેક્ટથી આર્થિક વિકાસમાં મદદ મળશે. જો કે, આ પ્રોજેક્ટ વિશે કેટલીક ચિંતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. કેટલાક લોકો માને છે કે આ પ્રોજેક્ટથી પાકિસ્તાન પર ચીન દેવું વધારશે, જ્યારે કેટલાક લોકો પર્યાવરણ પર તેની અસર વિશે ચિંતિત છે. CPEC પ્રોજેક્ટ એક જટિલ અને વિવાદાસ્પદ મુદ્દો છે. તેના ફાયદા અને ગેરફાયદા બંને છે, અને તેના વિશે વિવિધ મંતવ્યો પ્રવર્તે છે. જો ગ્વાદરમાં સુરક્ષામાં સુધારો નહીં થાય તો અહીં કોણ આવશે, ગ્વાદર અને બલુચિસ્તાનમાં ચીન સામે નફરત છે. પાકિસ્તાનમાં ચીની દૂતાવાસે આ અંગે સ્પષ્ટતા આપી છે. ચીન-પાકિસ્તાની કર્મચારીઓ પર ત્રાસવાદીઓ હુમલા કરે છે પરંતુ પાકિસ્તાને આ અહેવાલને ફગાવી દીધો છે.

પાકિસ્તાનમાં ચીની દૂતાવાસે સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડ્યું છે. ચીની દૂતાવાસનું કહેવું છે કે 'ધ ગાર્ડિયન'ના અહેવાલમાં ચીની રાજદ્વારી દ્વારા કથિત રીતે નોંધાયેલા નિવેદનો સંપૂર્ણપણે ખોટા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વપરાયેલી ભાષા વિશ્વસનીય નથી અને તે ચીનના વલણને પ્રતિબિંબિત કરતી નથી. ચીની દૂતાવાસે કહ્યું છે કે તેમણે હંમેશા ગ્વાદર બંદરના નિર્માણ અને બલુચિસ્તાનના વિકાસને સમર્થન આપ્યું છે.

ચીની દૂતાવાસે પોતાના નિવેદનમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો છે, જેમાં ગ્વાદરમાં સ્થાનિક લોકોના કલ્યાણ માટે તે શું કરી રહ્યું છે તે પણ સામેલ છે. દરમિયાન, પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પણ સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને ધ ગાર્ડિયનના અહેવાલને નકારી કાઢ્યો છે. પાકિસ્તાને કહ્યું છે કે તે પાકિસ્તાન-ચીન મિત્રતાને નિશાન બનાવતા પાયાવિહોણા આરોપોને નકારી કાઢે છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પ્રવક્તાએ ભાર મૂક્યો કે ચીન અને પાકિસ્તાન હંમેશા વ્યૂહાત્મક ભાગીદાર રહ્યા છે. આ સંબંધ પરસ્પર વિશ્વાસ, સહિયારા મૂલ્યો, મુખ્ય ચિંતાઓના મુદ્દાઓ પર સમર્થન અને પ્રાદેશિક-વૈશ્વિક સ્થિરતા પર આધારિત છે.

૨૦૧૫ માં શરૂ કરાયેલ CPEC પ્રોજેક્ટ, ચીનના મહત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ પહેલનો એક ભાગ છે. CPEC પ્રોજેક્ટ હેઠળ, ચીન ગ્વાદરમાં એક એરપોર્ટ, ઊંડા પાણીનું બંદર અને આર્થિક ક્ષેત્ર બનાવી રહ્યું છે. ૨૦૧૫ માં શરૂ થયેલો CPEC પ્રોજેક્ટ ચીનના મહત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ પહેલનો એક ભાગ છે. આ પહેલનો ઉદ્દેશ્ય એ માનવામાં આવે છે કે ચીન એશિયા અને આફ્રિકા વચ્ચે વેપાર માર્ગ બનાવીને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માંગે છે. આમાં સમાવિષ્ટ CPEC પ્રોજેક્ટમાં, ચીનને પાકિસ્તાનના આર્થિક રીતે સંકટગ્રસ્ત બલુચિસ્તાન પ્રાંતમાં આશરે ૬૨ અબજ ડોલરના મોટા પ્રોજેક્ટ્સ બનાવવાના હતા. આમાં એરપોર્ટથી લઈને હાઈવે, રેલ્વે સ્ટેશન, બંદર અને પાવર પ્લાન્ટ સુધીની ઘણી મોટી યોજનાઓનો સમાવેશ થાય છે. પરંતુ એક દાયકા પછી, પાકિસ્તાનના આ ગરીબ પ્રાંતમાં આ પ્રોજેક્ટ્સ એટલી ઝડપથી વિકસી શક્યા નહીં. આનું સૌથી મોટું કારણ સુરક્ષા ચિંતાઓ હતી કારણ કે બલુચિસ્તાનમાં ઉગ્રવાદી સંગઠનોએ સુરક્ષા દળો અને આ પ્રોજેક્ટમાં સામેલ ચીની નાગરિકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું.

સુરક્ષા કારણોસર ચીન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં પણ ખટાશ આવી હતી અને ચીને વારંવાર પાકિસ્તાનને સુરક્ષા વધારવા કહ્યું હતું. પાકિસ્તાન માટે ચીનના રાજકીય સચિવ વાંગ શેંગજીએ ઈસ્લામાબાદમાં ધ ગાર્ડિયનને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. ચીન અને પાકિસ્તાને આ અંગે નિવેદન જારી કર્યું છે. બંને દેશોએ આ રાજદ્વારીનું નામ આપ્યું નથી. દરમિયાન, શાંગજીએ ચીનના અબજો ડોલરના CPEC પ્રોજેક્ટ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. જો સુરક્ષામાં સુધારો નહીં થાય, તો આ વાતાવરણમાં કોણ આવશે અને કોણ કામ કરશે? ગ્વાદર અને બલુચિસ્તાનમાં ચીન સામે નફરત છે. કેટલીક ખરાબ શક્તિઓ CPEC વિરુદ્ધ છે અને તેઓ તેને બરબાદ કરવા માંગે છે. બલુચિસ્તાનમાં અનેક ઉગ્રવાદી સંગઠનો સક્રિય છે, જેમાંથી એક બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA) છે જે સ્વતંત્ર બલુચિસ્તાન ઈચ્છે છે.

હામિદ મીરના પ્રશ્ન પર, કુગેલમેને ફરીથી જવાબ આપ્યો કે આ સાચું છે. આ જૂથ CPECનું કટ્ટર વિરોધી છે. જેમ કે તેની વેબસાઈટ સ્પષ્ટ કરે છે. તે CPEC ને આતંકવાદી જૂથ કહે છે. આ બધા છતાં, પાકિસ્તાન હજુ પણ તેની આર્થિક જરૂરિયાતો માટે ચીન પાસેથી મદદ માંગવાનું ચાલુ રાખે છે. પરંતુ બીજી બાજુ, ચીને પણ થોડી કડકાઈ દાખવી છે. ગયા વર્ષે, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ઉર્જા અને માળખાગત પ્રોજેક્ટ્સ માટે ચીન પાસેથી વધારાના ૧૭ બિલિયન ડોલરની માંગણી કરી હતી, પરંતુ ચીને આનો ઉદાસીન પ્રતિભાવ આપ્યો હતો. જોકે, નિષ્ણાતો માને છે કે ચીન હવે પાકિસ્તાનમાં CPEC પ્રોજેક્ટથી પીછેહઠ કરવાની સ્થિતિમાં નથી કારણ કે ત્યાં તેનું ઘણું બધું દાવ પર લાગેલું છે.

**પાકિસ્તાનની આર્થિક હાલત ભિખારી જેવી હોવા છતાં અંદર દુબઈ જેવું મહાનગર સર્જવાનું એક સપનું પાકિસ્તાને જોયું હતું. આ સપનુ એવું હતું કે ચીન જો મદદ કરે તો પાકિસ્તાન દુબઈ જેવું બની શકે. અને ભારત સામે માથું ઊંચકી શકે!**

## શબ્દ સંજોગ-૧૯૪૧



**આડી ચાવી :**
(૧) સરદાર વલ્લભભાઈ પટેલનું ગામ (૫)
(૪) ભાર, બોજ (૩)
(૬) ....કરો (૩)
(૭) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૯) દ્રષ્ટિ (૩)
(૧૧) શું (૧)
(૧૨) નામની આગળ માનાર્થે લખાતો શબ્દ (૧)
(૧૩) વન, જંગલ (૩)
(૧૫) અથવા (૧)
(૧૬) પાણીના અધિષ્ઠાતા દેવ (૩)
(૧૭) માછલું (૨)
(૧૮) આનંદ, હર્ષ (૩)
(૧૯) કચરો, રજ (૩)
(૨૧) કામધેનુ (૩)
(૨૩) ફિલ્મ કલાકાર ઈમરાન... (૩)
(૨૪) જવાહરલાલ....... (૩)
(૨૬) હકારવાચક શબ્દ (૧)
(૨૭) પક્ષીઓનો અવાજ (૪)

**ઉભી ચાવી :**
(૧) ઘટ, ખોટ (૩)
(૨) એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
(૩) દમવું, પીડવુ તે (૩)
(૪) મોં, ચહેરો (૩)
(૫) દ્રષ્ટિ (૩)
(૮) કામદેવ (૩)
(૧૦) એક ફળ (૪)
(૧૩) એક ગુજરાતી માસ (૩)
(૧૪) જો જો.....ન લાગી જાય (૩)
(૧૬) દેવી-દેવતા પ્રસન્ન થઈ આપે તે (૪)
(૧૮) એક હિંદી ફિલ્મ (૨)
(૨૦) પડ, થર (૨)
(૨૧) ભારતનું એક જોવાલાયક સ્થળ (૩)
(૨૨) એક પ્રાણી (૨)
(૨૩) દશા, હાલત (૨)
(૨૫) સોનું (૨)

## શબ્દ સંજોગ-૧૯૪૦ જવાબ

**આડી ચાવી:** (૧) ભ્રામક (૪) દવ (૫) દોષ (૬) તારક (૭) હાલ (૮) ડોડો (૯) જતન (૧૧) સરકાર (૧૩) લખોટી (૧૫) કલ્પ (૧૭) દવલું (૧૯) ઘા (૨૦) રકમ (૨૨) ગીની (૨૪) પરી (૨૫) ખાનદાની (૨૭) લવણ (૨૮) તક (૨૯) કસમ (૩૦) છડી.
**ઉભી ચાવી:** (૧) ભ્રાતા (૨) મરડો (૩) કકડો (૪) દરકાર (૫) દોલત (૭) હાજર (૧૦) કોલ (૧૨) કાન (૧૪) ટીદમદા(દમદાટી) (૧૬) લાવરી (૧૮) લુંગી (૨૦) રખાત (૨૧) કનક (૨૩) નીલમ (૨૪) પણછ (૨૬) નીક.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૫૯૫ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૬૦૬ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૦૧ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૫૦ |
| બાજરી | ૪૫૦ | ૫૦૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૧૪ |
| ચણા પીળા | ૮૫૦ | ૧૧૬૮ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૨૧૨૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૩૧ |
| મગ | ૧૧૪૧ | ૧૮૬૪ |
| વાલ દેશી | ૯૧૮ | ૧૨૦૬ |
| ચોળી | ૧૨૦૦ | ૨૫૪૧ |
| મઠ | ૯૨૦ | ૧૩૧૨ |
| વટાણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| કળથી | ૮૫૦ | ૯૫૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૯૩ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૧૫૦ |
| તલી | ૧૭૦૦ | ૨૩૨૭ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૫ |
| અજમો | ૧૮૦૦ | ૨૬૧૧ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| કાળા તલ | ૩૯૦૦ | ૫૪૫૮ |
| લસણ | ૧૨૦૦ | ૨૦૭૫ |
| ધાણા | ૧૧૧૦ | ૧૫૩૫ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૭૫૦ |
| ધાણી | ૧૨૨૦ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૩૭૦ |
| જીરૂ | ૩૯૯૫ | ૪૧૧૮ |
| રાય | ૧૧૫૦ | ૧૩૪૬ |
| મેથી | ૮૫૦ | ૧૧૪૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગુવારનું બી | ૯૭૧ | ૧૦૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૪૨૦ |
| ચણા લીલા | ૧૨૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૭૪૦ | ૧૪૭૦ |
| શિંગ મઠડી | ૮૦૫ | ૧૧૦૧ |
| ગિરનારી શીંગ | ૧૧૦૦ | ૧૧૭૬ |
| શિંગ મોટી | ૮૨૦ | ૧૧૧૪ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૧૨૦૫ | ૨૪૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૪૮૨૫ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૫૬૬ | ૬૭૬ |
| અડદ | ૮૭૦ | ૧૪૬૭ |
| ચણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૫૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૧૧૫ |
| ધાણા | ૮૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૫૭૫ | ૮૦૨ |
| મરચા લાંબા | ૫૮૦ | ૩૫૬૦ |
| **ગોંડલ** | | |
| ગોગળી | ૬૦૦ | ૯૨૧ |
| કપાસ બી.ટી. | ૧૨૦૧ | ૧૪૫૧ |
| ઘઉં લોકવન | ૫૯૮ | ૬૪૨ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૯૪ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૦૭૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૨૬૬ |
| તલ કાળા | ૪૨૦૦ | ૫૨૫૧ |
| તલ લાલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૧૯૧ |
| વરીયાળી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૯૧ |
| લસણ સુકું | ૬૬૧ | ૧૯૦૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૨૧ |
| મઠ | ૧૧૦૧ | ૧૧૩૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૫૧૧ |
| રાયડો | ૮૨૬ | ૧૧૯૧ |
| મેથી | ૬૨૬ | ૧૦૦૦ |
| કાંગ | ૬૫૧ | ૯૭૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૦૧ |
| નવું લસણ | ૧૩૫૧ | ૧૬૦૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૯૨૬ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૩૧ |
| ઇસબગુલ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૭૧ |
| ડુંગળી સફેદ | ૧૯૬ | ૨૪૧ |
| બાજરો | ૪૩૧ | ૪૩૧ |
| જુવાર | ૪૨૬ | ૯૯૧ |
| મકાઇ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૧૦૦૦ | ૧૭૭૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૫૬ |
| વાલ | ૪૦૧ | ૧૩૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૦૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૧૧ |
| કળથી | ૬૫૧ | ૮૧૧ |
| ગોગળી | ૭૪૧ | ૯૨૧ |
| વટાણા | ૬૦૧ | ૬૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૮ | ૧૫૨૨ |
| કપાસ મીડીયમ | ૧૩૧૨ | ૧૪૦૮ |
| મગફળી જીરુ૦ | ૧૦૮૨ | ૧૦૯૮ |
| મગફળી બીટી | ૧૦૦૨ | ૧૦૬૮ |
| ઘઉં | ૫૦૯ | ૬૮૧ |
| જીરૂ | ૩૭૬૫ | ૩૮૨૫ |
| તુવેર | ૧૧૧૫ | ૧૩૭૫ |
| તુવેર | ૧૧૧૫ | ૧૩૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૬૨૯ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૫૦૫ | ૭૯૦ |
| મગફળી | ૭૫૫ | ૯૧૦ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ધાણા | ૧૨૧૦ | ૧૩૨૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| તુવેર | ૭૦૦ | ૧૧૦૦ |
| તલ કાળા | ૧૯૩૦ | ૧૯૩૦ |
| સોળી | ૧૭૪૫ | ૧૭૪૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૪૫૧ |
| મગફળી | ૮૦૦ | ૧૦૧૨ |
| ઘઉં | ૫૭૬ | ૬૨૦ |
| લાલ તુવેર | ૯૧૫ | ૯૧૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૩૮૫૦ |
| સોયાબીન | ૬૨૧ | ૬૯૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૨૦ | ૧૪૬૭ |
| મગફળી | ૯૫૧ | ૧૦૭૭ |
| તલ સફેદ | ૧૬૮૧ | ૨૧૪૧ |
| જુવાર સફેદ | ૫૧૧ | ૫૧૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૩૧ |
| તુવેર | ૧૧૩૧ | ૧૨૫૦ |
| એરંડા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| બાજરો | ૫૬૬ | ૫૬૬ |
| અડદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૬ |
| ઘઉં | ૫૫૦ | ૬૨૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૬ |
| અડદ | ૯૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૧૬ |
| શીંગફાડા | ૮૦૦ | ૯૭૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૪૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૮૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૯૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૦૪૯ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૫૦ |
| તલ પીળા | ૨૫૨૫ | ૨૬૨૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| બાજરો | ૫૭૦ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૦૦ |
| જુવાર | ૮૦૦ | ૯૭૭ |
| મકાઈ | ૫૦૬ | ૫૦૬ |
| અડદ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| તુવેર | ૧૧૬૦ | ૧૪૬૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૫૩ |
| સોયાબીન | ૭૫૦ | ૭૬૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૩૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૦૫ |
| જીરૂ | ૩૬૫૫ | ૪૦૭૨ |
| ઘઉ લોકવન | ૫૫૧ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૬૫૧ | ૭૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૨ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૭૫ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૮૦ |
| બાજરો | ૬૦૦ | ૭૧૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૪૬ |
| એંરડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૨૫૧ | ૧૩૮૦ |
| જુવાર | ૫૦૧ | ૯૩૨ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૮૩ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરુ૦ | ૯૫૦ | ૧૦૬૯ |
| મગફળી ૩૨નં. | ૯૦૦ | ૧૦૩૫ |
| બાજરી હા. | ૫૨૫ | ૪૬૪ |
| ઘઉં | ૫૦૦ | ૬૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૮ |
| જુવાર | ૬૫૦ | ૧૦૨૨ |
| જા.તલ | ૨૩૦૦ | ૨૬૮૦ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૨૫૮ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૨ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૫ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૦૦ | ૧૧૫૪ |
| શીંગ ૩૨ | ૯૫૦ | ૧૦૪૫ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૧૦૦ |
| શીંગ જી ૨૦ | ૯૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૨૨૪ | ૧૨૨૪ |
| જુવાર | ૪૩૦ | ૯૭૬ |
| બાજરી | ૪૩૬ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૭૧૨ |
| અડદ | ૭૭૧ | ૭૧૨ |
| મગ દેશી | ૧૫૮૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૭૬૨ | ૮૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૯ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૦૬૨ |
| તુવેર | ૧૦૮૬ | ૧૪૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૨૫૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૧૯ |
| ડુંગળી સફેદ | ૨૦૨ | ૪૪૦ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૨૪ |
| નાળીયેર | ૭૦૦ | ૨૯૦૦ |
| તલ પુરબીયા | ૨૬૦૦ | ૨૯૨૮ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૫૦ | ૫૭૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૭૭ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ચણા | ૮૫૦ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૭ |
| લસણ | ૭૦૦ | ૧૪૦૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| અજમો | ૨૩૦૦ | ૫૦૨૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૩૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૩૫૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પોકેટ કોપ મોબાઈલની મદદથી સુરતની મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો

અમરેલી, તા.૨૯




અમરેલી પોલીસ દ્વારા મિલકત સંબંધી ગુનાઓના ડિટેક્શન માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ખાંભા પોલીસે એક મહત્વની સફળતા મેળવી છે. પોલીસની સૂચના મુજબ વાહન ચેકિંગ દરમિયાન ખડાધાર ચેકપોસ્ટ પરથી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે પોકેટ કોપ મોબાઈલ એપ્લિકેશનની મદદથી મોટરસાયકલના ચેસિસ અને એન્જિન નંબરની તપાસ કરતા જાણવા મળ્યું કે આ વાહન સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ચોરીનો ભોગ બનેલું છે. પકડાયેલા આરોપીની ઓળખ ગોપાલભાઈ ઉર્ફે 'ગોપી' સુખાભાઈ જાદવ (ઉ.વ.૨૩, રહે. પીપરીયા, તા. ખાંભા) તરીકે થઈ છે. આરોપી અગાઉ પણ ખાંભા પોલીસ સ્ટેશનમાં માથાભારે ગુના અને પ્રોહિબિશનના કેસમાં સંડોવાયેલો હતો.

# કોડીનારમાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

કોડીનાર,તા.૨૯



કોડીનાર પોલીસે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ગુનામાં એક વર્ષની સજાના છેલ્લા ૫ વર્ષ અને ૮ મહિનાથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો. કોડીનાર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક વર્ષની સાદી કેદ હુકમનો આરોપી હાસમભાઈ મહમદભાઈ શેખ ઉ.વ.૩૭ ધંધો ડ્રાઈવિંગ રહે. કોડીનાર ઉના જાપા શેખ ફળીયા તા.કોડીનાર વાળો હાલ પાણી દરવાજા ખાતે હાજર છે. જે હકિકત આધારે તપાસ કરતા આરોપી મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી રાજકોટ કોર્ટ હવાલે મોકલી આપ્યો હતો.

# કોડીનાર-ઉના હાઈવે પર ગમખ્વાર અકસ્માત: ત્રણ મિત્રોના કરુણ મોત

ગીર સોમનાથ,તા.૨૯



ગીર સોમનાથ જિલ્લાનો ફોર ટ્રેક હાઈવે ફરી એકવાર રક્તરંજિત બન્યો છે. કોડીનાર-ઉના હાઈવે પર ડોળાસા નજીક પેટ્રોલ પંપ સામે ટ્રક અને કાર વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં ત્રણ યુવાન મિત્રોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઘવાયો છે. બનાવની વિગતો મુજબ, વેરાવળ અને સુત્રાપાડા પંથકના ચાર મિત્રો કારમાં વેરાવળ તરફ જઈ રહ્યા હતા ત્યારે ડોળાસા નજીક ડિવાઈડર તોડીને પૂરઝડપે આવી રહેલા ટ્રક સાથે અથડામણ થઈ હતી. આ અકસ્માતમાં કારનો ચૂરેચૂરો થઈ ગયો હતો. અકસ્માતમાં સુત્રાપાડાના પીયુષ લખમણભાઈ રામ (૨૮), ભાલપરા ગામના ઉદય દેવાતભાઈ વાઢેર (૨૧) અને મેઘપુર ગામના જેસાભાઈ ગોવિંદભાઈ રામ (૩૫)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે પાદરૂકા ગામના હિતેષ આહીર (૨૭)ને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે પ્રથમ રા.ના. વાળા હોસ્પિટલ કોડીનાર અને ત્યાંથી વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. અકસ્માતની જાણ થતાં મૃતક યુવાનોના પરિવારજનો અને આહીર સમાજના મોટી સંખ્યામાં લોકો સરકારી હોસ્પિટલે દોડી આવ્યા હતા.

# લાઠીની પી.એમ. શંકર વિદ્યાલયમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

લાઠી,તા.૨૯



લાઠીની માતૃશ્રી પુરીબેન માવજીભાઈ શંકર વિદ્યાલય લાઠી ખાતે ૨૬ જાન્યુઆરીના રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ 'પમરાટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૨૦૦ કરતાં પણ વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં દેશભક્તિના ગીતો, પર્યાવરણની જાળવણી અંગેનું નાટક, એક પાત્રીય અભિનય વિગેરે કૃતિ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તમામ વાલીઓએ હાજરી આપીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષક ગણે ખૂબ જહેમત ઉઠાવી હતી.

# કલાપીની જન્મજયંતીએ 'કરે સંગત કલાપી' કાર્યક્રમમાં સર્જકોએ આપી ભાવભીની શ્રદ્ધાંજલિ

અમરેલી,તા.૨૯



અમરેલીમાં ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ અને લાઠીના રાજવી કલાપીની જન્મજયંતીની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. 'સંવાદ' સંસ્થા દ્વારા આયોજિત 'કરે સંગત કલાપી' કાર્યક્રમમાં કાવ્યસંગીત, કાવ્યપાઠ અને સાહિત્યિક સંવાદનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સુપ્રસિદ્ધ સંગીતકાર સંજીવ ધારૈયાના સંગીત સંયોજનમાં પ્રખ્યાત ગાયિકા સોનલ જોષીએ પ્રાર્થનાગાનથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ સંજીવ ધારૈયા, સોનલ જોષી અને મનોજ ઠાકરે કલાપીની રચનાઓને સ્વરબદ્ધ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. યુવા કવિ અગન રાજ્યગુરુએ તેમની આગવી શૈલીમાં ગઝલ પઠન કર્યુ હતું. સાહિત્યમર્મી ગોપાલ ધકાણે પરંપરાગત અને આધુનિક ગઝલ વિશે રસપ્રદ વક્તવ્ય આપ્યું. સુપ્રસિદ્ધ સાહિત્યકારો કાલિન્દી પરીખ અને વાસુદેવ સોઢાએ કલાપીના જીવન કવન વિશે નવીન દ્રષ્ટિકોણ રજૂ કર્યો. કાર્યક્રમમાં અમરેલી પંથકના દિવંગત સાહિત્યકારો હર્ષદ ચંદારાણા, ડૉ. પ્રતાપભાઈ પંડ્યા અને ગણપતભાઈ ઉપાધ્યાયને વિશેષ યાદ કરવામાં આવ્યા હતા. શીલાબેન પી. મહેતાના સહયોગથી આયોજિત આ કાર્યક્રમનું સફળ સંચાલન પરેશ મહેતાએ કર્યુ હતું.

# એકતા ગ્રુપ સાવરકુંડલા દ્વારા ગણતંત્ર દિનની અનોખી ઉજવણી

સાવરકુંડલા, તા.૨૯



એકતા ગ્રુપ સાવરકુંડલા દ્વારા ગણતંત્ર દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. 'શહીદો કે નામ સદાબહાર' થીમ પર આધારિત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કલાકારોએ દેશભક્તિના ઉત્સાહ સાથે ગીતો ગાઈને પોતાના સુમધુર અવાજથી દર્શકોને ભાવવિભોર કરી દીધા હતા. તેમજ આ કાર્યક્રમ દરમિયાન દર્શકોએ પણ જય હિન્દ અને વંદે માતરમના નારા લગાવીને વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. આ કાર્યક્રમનું આયોજન કરનાર એકતા ગ્રુપ સાવરકુંડલાના જાન મહંમદ જાખરા ઉર્ફે જાનીભાઈ તેમજ વારી ચૌહાણને દર્શકોએ બિરદાવ્યા હતા.

# રાજુલાની એચ.બી. સંઘવી કોલેજમાં મહિલા રોજગાર મેળો સફળતાપૂર્વક સંપન્ન

રાજુલા,તા.૨૯


તસવીર : ગોપાલ રાઠોડ

એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે મહિલા રોજગાર ભરતી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રીટાબેન રાવલે શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ ઉપરાંત સેડી સંસ્થા, વિશ્વ હિંદુ પરિષદ, ચેમ્બર ઓફ કોમર્સ અને ભાજપના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. રોજગાર મેળામાં કુલ ૩૧૩ બહેનોએ ઈન્ટરવ્યૂ આપ્યા હતા, જેમાંથી ૧૩૧ બહેનોની સ્થળ પર જ પસંદગી કરવામાં આવી હતી. અંદાજે ૧૪૦ જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. બહેનોને આત્મનિર્ભર બનાવવાના સંસ્થાના પ્રયાસને સારી સફળતા મળી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના તમામ પ્રાધ્યાપકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# નાના ભંડારીયા પ્રાથમિક શાળામાં ૭૬મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી

**સરપંચ ભારતીબેન ત્રાપસીયાના હસ્તે ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન**

નાના ભંડારીયા,તા.૨૯



નાના ભંડારીયા પ્રાથમિક શાળામાં ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ગામના સરપંચ ભારતીબેન એન. ત્રાપસીયાએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ધ્વજવંદન બાદ સૌએ રાષ્ટ્રગાન ગાયું હતું અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સદસ્યો, શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રાષ્ટ્રીય પર્વ પર નરેશ ત્રાપસીયાએ સમગ્ર દેશવાસીઓને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને "વંદે માતરમ" અને "ભારત માતા કી જય"ના નારા સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# કોડીનાર તાલુકાના ચગદડ ગામે પ્રજાસત્તાક દિનની ઉમંગભેર ઉજવણી

કોડીનાર,તા.૨૯



કોડીનાર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી ચગદડ સીમ પ્રાથમિક શાળામાં ૭૬મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો, નૃત્ય, નાટકો અને એકપાત્રીય અભિનય જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વાલીઓએ પણ બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો અને તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શાળાના બાળકોએ દેશભક્તિની ભાવના સાથે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભેંસાણના વાંદરવડ ગામે તાલુકા કક્ષાના ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી

ભેંસાણ, તા.૨૯



જૂનાગઢ જિલ્લાના ભેસાણના તાલુકા કક્ષાના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી વાંદરવડ ખાતે ભવ્ય રીતે કરવામાં આવી હતી. તાલુકા મામલતદાર આઈ. આર. પારગીના અધ્યક્ષ સ્થાને થયેલી આ ઉજવણીમાં તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, આગેવાનો, સરપંચ પ્રદીપભાઈ કાનપરિયા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.કે. ચાવડા, સી.આર.સી કો ઓર્ડીનેટર ડો. કિશોર શેલડીયા, પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# કોડીનારમાં અલ મસ્તાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પાંચમો સમૂહ શાદી સમારોહ યોજાયો

કોડીનાર,તા.૨૯




કોડીનાર અલમસ્તાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૨૫/૧/૨૦૨૫ ને શનિવાર ના રોજ પાંચમો સમૂહ શાદી સમારોહ યોજાયો હતો. આ મુબારક અને ખુશીના અવસરે દુલ્હા-દુલ્હનને નેક દુઆથી નવાજવા કચ્છ મુસ્લિમ સમાજના અગ્રણી જનાબ હાજી જુમ્મા રાયમા, સૈયદ એજાજબાપુ કાદરી (જૂનાગઢ), સૈયદ હાજી રફીકબાપુ કાદરી, જનાબ યુસુફભાઈ બાસઠીયા, દિનુભાઈ સોલંકી પૂર્વ સાસંદ જૂનાગઢ જિલ્લો, શિવાભાઈ સોલંકી-પૂર્વ નગરપાલિકા પ્રમુખ-કોડીનાર સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૦/૨૦૨૫

**અરજદાર :-** શ્રી રાજેશભાઈ ઉર્ફ રાજુભાઈ ધીરૂભાઈ હુંમર
રહે. માંગવાપાળ, તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. માંગવાપાળ, તા.જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માંગવાપાળ ગામમાં અરજદારશ્રી રાજેશભાઈ ઉર્ફ રાજુભાઈ ધીરૂભાઈ હુંમર તેઓના પુત્ર રવિ રાજેશભાઈ હુંમર જન્મ (તા.૧૫/૦૫/૨૦૦૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# સુત્રાપાડા તાલુકાના ગામડાઓમાં સીમા જાગરણ મંચ દ્વારા 'સરહદ કો પ્રણામ' કાર્યક્રમ યોજાયો

ગીર સોમનાથ,તા.૨૯



ગીર સોમનાથ જિલ્લાના સીમા જાગરણ કલ્યાણ સમિતિ સંચાલિત સીમા જાગરણ મંચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તારીખ ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ગુજરાતના સીમાવર્તી પ્રથમ ગામમાં યુવાનો એક આખો દિવસ પસાર કરીને ત્યાંનું ગ્રામ્ય જીવન અને સંસ્કૃતિને અનુભવે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સુત્રાપાડા તાલુકાના સીમાવર્તી ગામોની વડોદરા ઝાલા, લાટી, કાદવર તેમજ સુત્રાપાડાના પ્રશ્નાવાડાના લગભગ ૩૬ જેટલા યુવાનોએ રાષ્ટ્રના સીમાવર્તી પ્રથમ ગામની મુલાકાત લીધી હતી.

# ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી

અમદાવાદ,તા.૨૯



૭૬મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો "આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદ્ભુત સંગમ"ને પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે. ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઈસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે. છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિધ્ધિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે. ગુજરાત સરકારના માહિતી વિભાગે આ પરેડમાં પ્રસ્તુત કરેલા ટેબ્લો 'આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદ્ભુત સંગમ'ને સૌથી વધુ વોટ જનતા જનાર્દને આપ્યા છે. આ વિશાળ સંખ્યાના વોટિંગથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યો છે. ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે.

# પીજી મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઈલ આધારિત અનામત રદ કરતી સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૯



એક મોટા પગલામાં, સુપ્રીમ કોર્ટે આજે પીજી મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઈલ આધારિત અનામતને રદ કરી દીધી, અને તેને ગેરબંધારણીય ગણાવ્યું. તેને સમાનતાના અધિકારનું ઉલ્લંઘન પણ ગણાવ્યું હતું. હૃષિકેશ રોય, સુધાંશુ ધુલિયા અને એસવીએન ભટ્ટીની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે પ્રવેશ ફક્ત મેરિટના આધારે હોવો જોઈએ. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણય રાજ્યો દ્વારા પહેલાથી જ આપવામાં આવેલા ડોમિસાઈલ આધારિત અનામતને અસર કરશે નહીં. પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં રહેઠાણ આધારિત અનામત બંધારણના અનુચ્છેદ ૧૪નું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આપણે બધા ભારતના પ્રદેશમાં રહીએ છીએ. સુપ્રીમ કોર્ટે કહ્યું, આપણે બધા ભારતના રહેવાસી છીએ. આપણને ભારતમાં ગમે ત્યાં રહેઠાણ પસંદ કરવાનો અને દેશમાં ગમે ત્યાં વ્યવસાય અને વસવાટ કરવાનો અધિકાર છે. બંધારણ આપણને ભારતભરની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પસંદ કરવાનો પણ અધિકાર આપે છે. વધુમાં, કોર્ટે કહ્યું કે ચોક્કસ રાજ્યના વિદ્યાર્થીઓ માટે MBBS અભ્યાસક્રમોમાં ચોક્કસ મર્યાદા સુધી અનામતની મંજૂરી આપી શકાય છે, પરંતુ પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં તેની મંજૂરી નથી.

# પ્રયાગરાજના પ્રથમ કુંભમેળામાં પણ નાસભાગથી ૮૦૦ લોકોના મોત થયા હતા

નવીદિલ્હી,તા.૨૯



કુંભમેળામાં અકસ્માતોનો ઈતિહાસ જૂનો છે. ૧૯૫૪ માં, જ્યારે આઝાદી પછી પ્રયાગરાજમાં સ્વતંત્ર ભારતના પ્રથમ કુંભનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે લાખો લોકો એકઠા થયા હતા. આ દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી જેમાં ૮૦૦ લોકોના કચડાઈને મોત થયા હતા. ૧૯૮૬, ૨૦૦૩ અને ૨૦૧૦માં પણ નાસભાગની છૂટાછવાયા બનાવો બન્યા હતા. કુંભમેળાના ઈતિહાસમાં ભારે ભીડને કારણે અરાજકતા અને નાસભાગનો જૂનો ઈતિહાસ છે જે અનુસાર આઝાદી બાદ પ્રથમ વખત ૧૯૫૪માં પ્રયાગરાજમાં કુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા ભારતના વહીવટી તંત્રને આવી ઘટનાઓની આદત નહોતી. ૩ ફેબ્રુઆરી ૧૯૫૪ના રોજ અલ્હાબાદ (હાલ પ્રયાગરાજ)માં કુંભ મેળામાં મૌની અમાવસ્યાના પવિત્ર અવસર પર પવિત્ર સ્નાન કરવા માટે ભેગા થયેલા ભક્તોમાં નાસભાગ મચી ગઈ હતી. આ સમયગાળા દરમિયાન, લગભગ ૮૦૦ લોકો નદીમાં ડૂબી જવાથી અથવા કચડાઈને મૃત્યુ પામ્યા હતા. ૧૯૮૬: આ કુંભમેળો હરિદ્વારમાં યોજાયો હતો. આ દરમિયાન પણ નાસભાગ મચી ગઈ હતી અને ડઝનેક લોકો કચડાઈ ગયા હતા.

# ચંદીગઢ મેયર ચૂંટણીમાં ક્રોસ વોટિંગથી કોંગ્રેસ અને આપ ચિંતિત

(એચ.એસ.એલ),ચંદીગઢ,તા.૨૯

મેયરની ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. આ ચૂંટણી પહેલા, કોંગ્રેસના કોર્પોરેટર ગુરબક્ષ રાવત ભાજપમાં જોડાયા બાદ કોંગ્રેસ અને આપ ક્રોસ વોટિંગથી ડરી રહ્યા છે. ક્રોસ વોટિંગ અટકાવવાના પ્રયાસમાં, કાઉન્સિલરોના ફોન પર પણ નજર રાખવામાં આવી રહી છે. આપ પાર્ટીના કાઉન્સિલરોને રોપર ખસેડવામાં આવ્યા છે જ્યારે કોંગ્રેસના કાઉન્સિલરોને લુધિયાણા ખસેડવામાં આવ્યા છે. હકીકતમાં, ગુરબક્ષ રાવત ભાજપમાં જોડાયા પછી, ભાજપના મતોની સંખ્યા વધીને ૧૬ થઈ ગઈ અને કોંગ્રેસના કાઉન્સિલરોની સંખ્યા સાતથી ઘટીને છ થઈ ગઈ. તે જ સમયે, આપ પાસે ૧૩ કાઉન્સિલરો છે. એક મત સાંસદનો હશે. ગઠબંધન પાસે ૨૦ મત છે. જો ક્રોસ વોટિંગ નહીં થાય તો પણ આપ-કોંગ્રેસ ગઠબંધનની જીત હજુ પણ નિશ્ચિત છે. આ ગઠબંધન પાસે હજુ પણ ચાર મતોની લીડ છે. જો ત્રણ મત ક્રોસ થાય તો ભાજપ મેયર પદ છીનવી શકે છે.

# કોઈ પણ વ્યક્તિ એક જ વારમાં ત્રણ વખત તલાક બોલીને છૂટાછેડા આપી શકે નહીં : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૯



ત્રિપલ તલાકનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દા પર ગરમાગરમ ચર્ચા થઈ. વાસ્તવમાં, આ ચર્ચા એ અરજી અંગે થઈ હતી જેમાં કેન્દ્ર સરકારના ટ્રિપલ તલાક સંબંધિત કાયદાને પડકારવામાં આવ્યો છે. આ ચર્ચા દરમિયાન, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી આ કાયદા અંગે સંપૂર્ણ વિગતો માંગી છે. આ ઉપરાંત, તેમને એ પણ જણાવવા કહેવામાં આવ્યું છે કે દેશભરમાં ટ્રિપલ તલાક અંગે કેટલી એફઆઈઆર અને ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અમે ડેટાની તપાસ કરીશું. કોઈ પણ વકીલ ટ્રિપલ તલાકની પ્રથાની માન્યતાનો બચાવ કરી શકતો નથી. કોર્ટે પણ એવું કહ્યું છે, પરંતુ આપણી સામે પ્રશ્ન એ છે કે શું તેને ગુનાહિત બનાવી શકાય છે. ખાસ કરીને જ્યારે આ પ્રથા પર જ પ્રતિબંધ હોય. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ પણ વ્યક્તિ એક જ વારમાં ત્રણ વખત તલાક બોલીને છૂટાછેડા આપી શકે નહીં. હવે આ કેસમાં આગામી સુનાવણી ૧૭ માર્ચ પછી થશે.

# ભારતના વિદેશ મંત્રાલયે ચૂંટણીમાં દખલગીરીના કેનેડાના આરોપોને નકાર્યા

નવીદિલ્હી,તા.૨૯

કોઈપણ પુરાવા વિના ભારત પર પાયાવિહોણા અને અર્થહીન આરોપો લગાવી રહેલા કેનેડાએ વધુ એક આરોપ લગાવ્યો છે. જેને મંગળવારે રાત્રે ભારતીય વિદેશ મંત્રાલયે ફગાવી દીધો હતો. ભારતે કેનેડિયન કમિશનના તે અહેવાલને ખોટો ગણાવ્યો છે, જેમાં તેના પર કેનેડિયન ચૂંટણીમાં દખલગીરી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલયે કેનેડાના આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા. કેનેડિયન કમિશને કહ્યું કે તેણે એવા આરોપોની તપાસ કરી છે કે કેટલીક વિદેશી સરકારો કેનેડિયન ચૂંટણીઓમાં દખલ કરી રહી છે. વિદેશ મંત્રાલયે આ અહેવાલ પર કડક પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેણે ભારત પરના આક્ષેપોને નકારી કાઢ્યા છે. ભારતે કહ્યું કે કેનેડા ભારતના આંતરિક બાબતોમાં સતત દખલ કરી રહ્યું છે.

# મફતની રેવડીથી પંજાબ સરકાર પર આર્થિક સંકટ: ૨૮ હજાર કરોડ રૂપિયાનું દેવું

(એચ.એસ.એલ),ચંદીગઢ,તા.૨૯



આર્થિક સંકટનો સામનો કરી રહેલા પંજાબ રાજ્ય માટે આ સૌથી મોટો પડકાર બની ગયો છે. કેન્દ્ર દ્વારા વારંવાર ભંડોળ રોકવાને કારણે, સરકારને રાજ્યને ચાલુ રાખવા માટે લોન તરફ નજર રાખવાની ફરજ પડી રહી છે. નાણા વિભાગના ડેટા અનુસાર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે અત્યાર સુધીમાં ૨૮ હજાર કરોડ રૂપિયાની લોન લીધી છે, જ્યારે આ વર્ષે સરકાર માટે લોન લેવાની મર્યાદા ફક્ત ૧૦૦૦ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે. ભંડોળના અભાવે, બેંકને હવે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૫ સુધી ફક્ત ૨,૩૮૫ કરોડ રૂપિયાની વધારાની લોન પર આધાર રાખીને તેનું સંચાલન ચાલુ રાખવું પડશે. વીજળી સબસિડીના રૂપમાં પણ સરકાર પર મોટો બોજ છે. સરકારને વીજળી સબસિડી માટે વાર્ષિક ૨૦ થી ૨૨ હજાર કરોડ રૂપિયા ચૂકવવા પડે છે. ૨૦૧૯-૨૦માં, પંજાબ સરકાર પર લગભગ ૨.૨૯ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું, જે સમય જતાં વધીને ૩.૬૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. સરકારને હજુ પણ ક્યાંક ને ક્યાંક લોન લેવી પડે છે. રાજકોષીય ખાધ ઘટાડવા અને સતત વધતા સરકારી દેવાને નિયંત્રિત કરવા માટે, સરકારે ભૂતપૂર્વ નિવૃત્ત IRS અરવિંદ મોદીને મુખ્ય નાણાકીય સલાહકાર અને ડ્યુક યુનિવર્સિટીના જાહેર નીતિના પ્રોફેસર સેબેસ્ટિયન જેમ્સને નાણાકીય સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે.

# ટ્રમ્પે પાકિસ્તાનને અપાતી તમામ પ્રકારની વિદેશી સહાય બંધ કરી

ઈસ્લામાબાદ,તા.૨૯



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર બાદ, પાકિસ્તાનને આપવામાં આવતી વિદેશી સહાય તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે. અને અમેરિકા દ્વારા પાકિસ્તાન પર કરવામાં આવેલી એક મોટી આર્થિક સર્જિકલ સ્ટ્રાઈક માનવામાં આવી રહી છે. પાકિસ્તાનને આપવામાં આવતી તમામ પ્રકારની સહાયનું હવે પુનઃમૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાનના જિયો ન્યૂઝ અનુસાર, ટ્રમ્પના આ પગલાથી પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે. યુએસ સહાય તાત્કાલિક સ્થગિત કરવાથી પાકિસ્તાનમાં યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના ઘણા મુખ્ય પ્રોજેક્ટ્સ સ્થગિત થઈ ગયા છે, જેમાં એમ્બેસેડર્સ ફંડ ફોર કલ્ચરલ પ્રિઝર્વેશનનો સમાવેશ થાય છે, જે સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે બનાવવામાં આવ્યું છે. સંરક્ષણ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટેનો કાર્યક્રમ. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પાકિસ્તાનને આપવામાં આવતી તમામ સહાય બંધ કરીને તેને આર્થિક ફટકો આપ્યો છે. અહેવાલમાં કરાચી સ્થિત યુએસ કોન્સ્યુલેટના એક અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર અનુસાર અમેરિકાએ પાકિસ્તાનને આપવામાં આવતી વિદેશી સહાય પુનઃમૂલ્યાંકન માટે રોકી દીધી છે.

# કોંગ્રેસની નિષ્ફળતાને કારણે ભારત ગઠબંધન તૂટી ગયું: મમતા બેનર્જી

નવીદિલ્હી,તા.૨૯



લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં અખિલ ભારતીય ગઠબંધનની નિષ્ફળતા બાદ, તેના અસ્તિત્વ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસથી લઈને સમાજવાદી પાર્ટી, એનસીપી સુધી, બધા જ સાથી પક્ષોએ કોંગ્રેસના નેતૃત્વ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોંગ્રેસ પર સીધો સવાલ ઉઠાવીને નેતૃત્વને પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે જો તેમને તક આપવામાં આવે તો તેઓ અખિલ ભારતીય ગઠબંધનનું નેતૃત્વ કરવા તૈયાર છે. હવે ફરી એકવાર મમતા બેનર્જીએ ભારત ગઠબંધન પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે બંગાળીમાં લખાયેલા તેમના પુસ્તક 'બાંગ્લાર નિર્વાચન ઔર અમરા' (બંગાળ ચૂંટણી અને આપણે) માં કોંગ્રેસ પર એક પછી એક હુમલા કર્યા. તેમણે લખ્યું કે ગઠબંધનની નિષ્ફળતા પાછળ અખિલ ભારતીય કોંગ્રેસ મુખ્ય ગુનેગારોમાંની એક હતી.

# ટ્રમ્પે અમેરિકામાં 'લિંગ પરિવર્તન' પર પ્રતિબંધ મુક્યો, એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા

વોશિંગ્ટન,તા.૨૯

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના સત્તામાં આવ્યા બાદ, ઘણા નિયમો અને કાયદાઓમાં વ્યાપક ફેરફારો કરવામાં આવી રહ્યા છે. હવે, ટ્રમ્પના નવા આદેશ મુજબ, દરેક માટે લિંગ પરિવર્તન કરાવવું સરળ રહેશે નહીં. હવે અમેરિકામાં, ૧૯ વર્ષથી ઓછી ઉંમરના લોકો લિંગ પરિવર્તન કરાવી શકશે નહીં. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે તેના પર પ્રતિબંધ મૂકવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા. 'યુનાઈટેડ સ્ટેટ્સની નીતિ એવી છે કે બાળકના એક લિંગથી બીજા લિંગમાં જવા માટે ભંડોળ, પ્રાયોજક, પ્રોત્સાહન, સહાય અથવા સમર્થન ન કરવું, અને તે આ વિનાશક અને જીવન બદલી નાખનારા ગુનાઓને સમર્થન આપતું નથી,' ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'પ્રક્રિયાઓને પ્રતિબંધિત અથવા મર્યાદિત કરતા તમામ કાયદાઓનો કડક અમલ કરવામાં આવશે.'

# સાઉદી અરેબિયામાં ભયાનક માર્ગ અકસ્માત : નવ ભારતીયોના મોત

નવીદિલ્હી,તા.૨૯

સાઉદી અરેબિયામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ૯ ભારતીયોના મોત થયા છે. જેદ્દાહ સ્થિત ભારતીય મિશન દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી છે. મિશનએ જણાવ્યું હતું કે આ અકસ્માત પશ્ચિમ સાઉદી અરેબિયાના જીઝાન નજીક થયો હતો. મિશનએ કહ્યું કે તે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારોના સંપર્કમાં છે. ભારતીય મિશન સાઉદી અધિકારીઓના સંપર્કમાં પણ છે જ્યાંથી તેમને સંપૂર્ણ સમર્થન મળી રહ્યું છે. વિદેશ મંત્રી એસ જયશંકરે પણ આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે અકસ્માત અને જાનહાનિ વિશે જાણીને તેમને 'દુઃખ' થયું છે. ટ્વિટર પર એક પોસ્ટમાં, વિદેશ મંત્રીએ કહ્યું, 'જેદ્દાહમાં અમારા કોન્સ્યુલ જનરલ સાથે વાત કરી, જેઓ સંબંધિત પરિવારોના સંપર્કમાં છે.' આ દુઃખદ પરિસ્થિતિમાં તે સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. ભારતીય કોન્સ્યુલેટે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે અમે સાઉદી અરેબિયાના પશ્ચિમ ક્ષેત્રમાં જીઝાન નજીક માર્ગ અકસ્માતમાં ૯ ભારતીય નાગરિકોના દુઃખદ મૃત્યુ પર ઊંડો શોક વ્યક્ત કરીએ છીએ. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી સંવેદના.

# ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા આઈસીસીનાં સીઈઓ જ્યોફ એલાર્ડાઈસનું રાજીનામું

નવીદિલ્હી,તા.૨૯



ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા આઈસીસીને મોટો ફટકો પડ્યો છે. આઈસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) જ્યોફ એલાર્ડાઈસે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. બોર્ડના એક સભ્યએ સંકેત આપ્યો છે કે યજમાન પાકિસ્તાનની તૈયારીના અભાવનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરવામાં તેમની નિષ્ફળતા રાજીનામાના અનેક કારણોમાંનું એક હતું. એલાર્ડાઈસ ૨૦૧૨માં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાથી આઈસીસીમાં ક્રિકેટના જનરલ મેનેજર તરીકે જોડાયા હતા. ૫૭ વર્ષીય રમતગમત પ્રશાસકને આઠ મહિના સુધી કાર્યકારી સીઈઓ તરીકે સેવા આપ્યા બાદ નવેમ્બર ૨૦૨૧ માં સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીના થોડા દિવસો પહેલા સીઈઓએ રાજીનામું આપતાં આઈસીસીને મોટો ઝટકો લાગ્યો છે. એલાર્ડાઈસે પોતાના નિવેદનમાં કહ્યું કે આઈસીસીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે સેવા આપવી એ તેમના માટે એક વિશેષાધિકાર છે. ક્રિકેટની વૈશ્વિક પહોંચ વધારવાથી લઈને આઈસીસી સભ્યો માટે વ્યાપારી પાયો બનાવવા સુધી, અમે જે પરિણામો પ્રાપ્ત કર્યા છે તેના પર મને ખૂબ જ ગર્વ છે. આઈસીસીના ચેરમેન જય શાહે રમતમાં અલાર્ડાઈસના યોગદાનની પ્રશંસા કરી. જય શાહે કહ્યું કે આઈસીસી બોર્ડ વતી, તેઓ ચીફ એક્ઝિક્યુટિવ તરીકેના કાર્યકાળ દરમિયાન જ્યોફના નેતૃત્વ અને પ્રતિબદ્ધતા બદલ તેમનો આભાર માનવા માંગે છે.

# ઘણા સમયથી લોકોમાં ચર્ચાનો વિષય બની રહેલ રામાયણ ફિલ્મનું શૂટિંગ શરૂ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૯




ફિલ્મ 'રામાયણ' ઘણા સમયથી લોકોમાં ચર્ચાનો વિષય બની રહી છે. નિતેશ તિવારી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં સાઈ પલ્લવી રણબીર કપૂર સાથે જોવા મળશે. અને યશ પણ ફિલ્મમાં છે. તાજેતરમાં આ ફિલ્મ અંગે નવી માહિતી બહાર આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અભિનેતા યશ આ વર્ષે માર્ચથી આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. 'રામાયણ' ફિલ્મ બે ભાગમાં બની રહી છે. ગયા વર્ષે ૨૦૨૪ માં, નિર્માતા નમિત મલ્હોત્રાએ આ ફિલ્મ વિશે સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે બંને ફિલ્મો દિવાળી ૨૦૨૬ અને દિવાળી ૨૦૨૭ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકામાં જોવા મળશે. જ્યારે, સાઈ પલ્લવી માતા સીતાની ભૂમિકામાં જોવા મળશે અને યશ રાવણની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ મોટા બજેટમાં બની રહી છે. આ ફિલ્મ પાસેથી ચાહકોને ઘણી અપેક્ષાઓ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, રણબીર કપૂર આ દિવસોમાં સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર'માં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ પણ છે. તે જ સમયે, અભિનેતા યશ 'KGF ચેપ્ટર ૨' પછી 'ટોક્સિક' નામની ફિલ્મમાં જોવા મળશે.

# રાજ્યમાં પોલીસે ત્રણ વર્ષમાં ૧૧૫૭ આરોપીઓને પાસા હેઠળ કાર્યવાહી કરી જેલમાં ધકેલ્યા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯



ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે વધુ એક મહત્વપૂર્ણ કાર્યવાહી છેલ્લા કેટલાક સમયથી કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની સૂચનાથી તાજેતરમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં આ પ્રકારના આયોજન કરવામાં આવ્યા હતા. જેમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન પાસા હેઠળ અટક થયેલા કુલ ૧૧૫૭ આરોપીઓને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે તેમની સાથે વાતચીત કરીને તેમની વર્તમાન પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી અને તેમને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવામાં આવ્યું હતું કે જો તેઓ ફરીથી ગુનાખોરીમાં સંડોવાયેલા જણાશે તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ચારેય શહેરોમાં ૧૧૫૭ પાસાના આરોપીઓ પૈકી રાજકોટ શહેરના ૭૩, અમદાવાદ શહેરના ૩૮૯, સુરત શહેરના ૫૩૨ અને વડોદરા શહેરના ૧૬૩ આરોપીઓને પોલીસે ગુનાખોરીના રસ્તે પુનઃ ન વળવા ગુનેગારો જે ભાષામાં સમજે છે તે કાયદાની ભાષામાં સ્પષ્ટ જરૂરી સમજ આપી હતી.

## ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૯ કિમી દૂર નોંધાયું

# કચ્છમાં ૩.૦ની તીવ્રતા સાથે ભૂકંપનો આંચકો અનુભવાયો

ભુજ,તા.૨૯

કચ્છ જિલ્લામાં આજે વહેલી સવારે ૩:૧૩ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ૩.૦ રિક્ટર સ્કેલની તીવ્રતા સાથે ભૂકંપ અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૯ કિમી દૂર નોંધાયું છે.

વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં કચ્છમાં ભૂકંપના સતત આંચકાથી લોકોમાં ભય ફેલાયેલો છે. આ ભૂકંપની અસરની પરિસ્થિતિ અંગે કોઈ મોટી જાનહાનિની માહિતી નથી મળી, પરંતુ સ્થાનિકો વચ્ચે તણાવ અને ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.



ભૂકંપના અતિ સક્રિય એવા ઝોન-૫માં આવતા કચ્છમાં સમયાંતરે નાના-મોટા અને અતિ વિનાશકારી આંચકાએ પેટાળને ધ્રુજાવી નાખ્યું છે. મોડી રાત્રે ફરી એકવાર કચ્છની ધરા ધ્રૂજી ઉઠી હતી. ચાર-ચાર ફોલ્ટ લાઈન ધરાવતા કચ્છમાં ભૂકંપના આંચકા આવતા રહે છે.

# અયોધ્યામાં રામલલાના દર્શને ગયેલા સુરતના વેપારીનું મોત

સુરત,તા.૨૯



અયોધ્યા જયારે ભાવિક ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે ત્યારે દર્શાનાર્થીઓની ભારે ભીડને કારણે અવારનવાર દુઘટના સર્જાતી હોય છે. સુરતના વાડીફળિયામાં રહેતા જરીવાલા પરિવારનો પુત્ર આકાશ જરીવાલા પત્ની સાથે રામલલ્લાના દર્શને અયોધ્યા ગયો હતો. તીર્થયાત્રાએ નીકળેલા આકાશ જરીવાલાએ અનંતની વાટ પકડી લેતા પરિવાર ઘેરા શોકમાં ડુબી ગયો છે. ભારે ભીડ વચ્ચે દર્શન માટે પહોંચેલો આકાશ ત્યાં જ ઢળી પડ્યો હતો. સ્થાનિક લોકોની મદદથી ભારે જહેમતે આકાશને નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેમણે મૃત ઘોષિત કર્યો હતો.

# રાજ્યમાં વધુ એક ભાજપના નેતાના નામે લેટર બોમ્બથી રાજકીય વર્તુળોમાં ચકચાર

અમદાવાદ,તા.૨૯





ગુજરાતમાં ભાજપના નેતાઓ સામે એક બાદ એક લેટર બોમ્બ ઝીંકાઈ રહ્યા છે તે પક્ષ માટે હવે ચિંતાનો વિષય બની રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ફરીથી એક નનામો પત્ર વાયરલ થયો છે. હવે જે લેટર બોમ્બ સામે આવ્યો છે તેમાં સૌરાષ્ટ્ર ભાજપના કદાવર નેતા અને રાજકોટ ભાજપ પ્રભારી ધવલ દવે સામે આક્ષેપો કરી એક નનામો લેટર ફરતો થતા રાજકીય વર્તુળોમાં ચકચાર મચી છે. આ ઉપરાંત પત્રમાં ભાજપના ઉપપ્રમુખ ભરત બોઘરા, ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરનો ઉલ્લેખ કરાયો છે.

જે નનામો પત્ર ફરી રહ્યો છે તેમાં કહેવાયું છે કે સૌરાષ્ટ્રમાં ધવલ દવે એવું કહેતા ફરે છે કે આવનારા સમયમાં સૌરાષ્ટ્રનો એકમાત્ર નેતા હું છું. રત્નાકરજીની એક જ ઈચ્છા છે કે સૌરાષ્ટ્રમાં પટેલ સમાજની હવા કાઢવી છે. અને એ કામ પણ મને જ સોંપ્યુ છે. સંગઠન પર્વ જેવું પૂરૂં થાય એટલે મારે પછી સૌરાષ્ટ્ર પટેલ સમાજની પીપૂડી વગાડી દેવી છે. વાત એટલેથી અટકતી નથી. આ પત્રમાં ધવલ દવેના ચારિત્ર્ય ઉપર પણ આક્ષેપોવાળું લખાણ લખવામાં આવ્યું છે જેમાં કહેવાયું છે કે તેમણે સંગઠનમાં હોદો અપાવવા માટે પૈસા અને સેક્સની માંગણી કરી હતી.

# મહંત મહેશગીરી સહિત ૪ સાધુઓને પદભ્રષ્ટ કરવાનો જુના અખાડાનો મહાકુંભમાં નિર્ણય

જૂનાગઢ,તા.૨૯



છેલ્લા ૬-૭ મહિનાથી ચાલી રહેલા આ વિવાદ વચ્ચે મોટા સમાચાર એ સામે આવ્યા છે કે મહાકુંભમાં જુના અખાડા દ્વારા મહેશગીરી સહિત ચાર સાધુઓને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે. અખાડાના નિયમો મુજબ જો કોઈ સાધુ દિક્ષા લીધા બાદ કોઈ વિવાદમાં સપડાય તો તેને પદભ્રષ્ટ કરવામાં આવે છે. જો કોઈ સાધુ દિક્ષા લીધા બાદ વિવાહ કરી લે, કોઈની હત્યા કરે અથવા દુષ્કર્મ, છેડતી જેવા કેસમાં પકડાય તો તેને અખાડામાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. આમ, પહેલેથી જ વિવાદમાં રહેલા મહેશગીરી સામે મહાકુંભમાં જુના અખાડાના બંધારણ મુજબ તેમને પદભ્રષ્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. મહેશગીરી સહિત મહાદેવગીરી, અમૃતગીરી અને કનૈયાગીરીને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે.

# અમદાવાદમાં ક્લાસના સંચાલકે પ્રેમજાળમાં ફસાવી વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યું

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯



અમદાવાદમાં વધુ એકવાર શિક્ષણ જગતને શર્મસાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ખોખરા વિસ્તારમાં પ્રોગ્રેસિવ એજ્યુકેશનના સંચાલકે વિદ્યાર્થિની સાથે પ્રેમસંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યુ હતું, એટલું જ નહીં અશ્લીલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી સતત ખરાબ કૃત્ય કરતા વિદ્યાર્થિનીએ અંતે ખોખરા પોલીસ સ્ટેશનમાં શિક્ષક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. અમદાવાદ શહેરમાં ગુરૂની ગરિમાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. શહેરમાં પ્રોગ્રેસિવ એજ્યુકેશનના સંચાલકે વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી પોતાની હવસનો શિકાર બનાવી હતી. વિદ્યાર્થિની ઈંગ્લિશના ક્લાસ દરમિયાન શિક્ષકને મળી હતી. સંચાલક જીગ્નેશ ગોહિલે વિદ્યાર્થિનીને પોતાના પ્રેમજાળમાં ફસાવી શારીરિક સંબંધ બાંધ્યા હતા. વધુમાં, અશ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી સતત દુષ્કર્મ આચરતો હતો. જોકે, સતત દુષ્કર્મનો ભોગ બનતાં વિદ્યાર્થિનીએ કંટાળીને અંતે શિક્ષક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં સમગ્ર ઘટના જણાવી શિક્ષક સામે ફરિયાદ નોંધાવી છે, ખોખરા પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાત ફેબ્રુઆરીએ મહાકુંભમાં સ્નાન કરશે

ગાંધીનગર,તા.૨૯



પ્રયાગરાજમાં મહાકુંભ મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. દેશના જાણીતા વ્યક્તિઓની સાથે વિદેશના લોકો પણ શાહી સ્નાન કરવા માટે આવતા હોય છે. ત્યારે ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ પ્રયાગરાજ જશે. ૭ ફેબ્રુઆરીએ મુખ્યમંત્રી મહાકુંભમાં ભાગ લેશે. પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં હવે ગુજરાતના મુખ્યમંત્રી પણ હાજરી આપવાના છે. માહિતી પ્રમાણે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી ૭ ફેબ્રુઆરીએ યુપીના પ્રયાગરાજ પહોંચશે, જ્યાં તેઓ ગંગા ત્રિવેણી સંગમમાં મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવશે.

# GPSCનો સંભવિત ભરતી કાર્યક્રમ જાહેર : આ વર્ષે અલગ અલગ વિભાગમાં ૧૭૫૧ જગ્યા માટે ભરતીની શક્યતા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી વર્ષોમાં થનારી ભરતીને લઈ જાહેરાતનો સંભવિત કાર્યક્રમ જાહેર કર્યો છે. GPSC દ્વારા આગામી વર્ષોમાં અલગ અલગ વિભાગોની ૧૭૫૧ જગ્યા પર ભરતી કરાશે, જેની જાહેરાત આ વર્ષ દરમિયાન આવશે. GPSC દ્વારા જે ૧૭૫૧ જગ્યા માટે આગામી સમયમાં ભરતી થવાની છે એ જગ્યાઓ માટે જાહેરાતની, પ્રાથમિક અને મુખ્ય કસોટીની સંભવિત તારીખો જાહેર કરવામાં આવી છે, સાથે GPSC તરફથી ઉમેદવારોને આ જાહેરાતો માટે સતત અપડેટ રહેવા માટે GPSCની વેબસાઈટ, ટ્વિટર કે એપ સાથે જોડાયેલા રહેવા અપીલ કરવામાં આવી છે. GPSC(ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો અને પરીક્ષકોને સરળતા રહે એ માટે ત્રણ મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. આયોગના ચેરમેન હસમુખ પટેલ દ્વારા ટ્વીટ કરી આ ત્રણેય નિર્ણયો અંગે જાણકારી આપી હતી, જે ભરતીમાં અનુભવની જરૂર ન હોય એમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકશે. આયોગમાં ઈન્ટરવ્યૂ માટે આવતા ઉમેદવારોને નાસ્તો-ભોજન આપવાનો પણ નિર્ણય કરાયો છે.

# પોરબંદરમાં શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યું

(એચ.એસ.એલ),પોરબંદર,તા.૨૯



પોરબંદરના મંડેર ગામે શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરતાં પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. વિદ્યાર્થિનીએ પરિવારને જાણ કરતાં સમગ્ર મામલો સામે આવ્યો છે. શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના બનતા ચકચાર મચી ગઈ છે.

પોરબંદર જિલ્લાના મંડેર ગામે સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વિપુલ ગોહેલ નામના શિક્ષકે ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે અડપલાં કર્યા હોવાનું પરિવારને જાણ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પરિવારના લોકોએ માધવપુર પોલીસ સ્ટેશનમાં શિક્ષક સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસ સ્ટેશનમાં ૬૪(૨) ૩૫૧(૩) ૪.૬.૮ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# જસદણ તાલુકાના જંગવડ ગામે ૧૧ વર્ષના કિશોરનું હૃદયરોગના હુમલાથી મોત

રાજકોટ,તા.૨૯



રાજ્યમાં નાની ઉંમરના બાળકોને હૃદયરોગના હુમલાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાંથી એક દુઃખદ ઘટના પ્રકાશમાં આવી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, જસદણ તાલુકાના જંગવડ ગામમાં ૧૧ વર્ષના બાળકનું મૃત્યુ હૃદયરોગના હુમલાને કારણે થયું છે. જંગવડ ગામમાં પાંચમા ધોરણમાં ભણતા બાળકને અચાનક છાતીમાં દુઃખાવો થયો. દુઃખાવો વધવાથી માસૂમ બાળક બેભાન થઈ ગયો. પરિવારના સભ્યો તાત્કાલિક બાળકને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા. જ્યાં ફરજ પરના તબીબોએ

**બાળકના મૃત્યુથી પરિવારમાં શોકનો માહોલ**

તેમને મૃત જાહેર કર્યો. માસૂમની ઓળખ હેતાશ રશ્મિકાંત દવે તરીકે થઈ છે. ૧૧ વર્ષનો આ છોકરો જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ખેલ મહાકુંભ તાલુકા કક્ષાએ રમ્યો હતો. બાળકના મૃત્યુથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.










